RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 263* Date: 21.07.2022 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## શિવસેના કેસમાં સુપ્રીમ કોર્ટ ૧ ઓગસ્ટે ફરી સુનાવણી કરશે,

# મહારાષ્ટ્રમાં રાજકીય સંકટ સમાપ્ત થયું નથી

### ઉદ્ધવ-શિંદે જૂથની દલીલો પર તમામ પક્ષો પાસેથી એફિડેવિટ માગી



મુંબઇ,તા.૨૦

મહારાષ્ટ્રમાં રાજકીય સંકટ હજુ સમાપ્ત થયું નથી. સુપ્રીમ કોર્ટમાં ઉદ્ધવ ઠાકરે અને શિંદે જૂથ દ્વારા દાખલ કરાયેલી અરજીઓ પર આજે સુનાવણી કરવામાં આવી હતી. આ દરમિયાન ઉદ્ધવ ઠાકરે જૂથ વતી વકીલ કપિલ સિબ્બલ અને શિંદે જૂથ વતી વકીલ હરીશ સાલ્વેએ દલીલો રજૂ કરી હતી.

ભારતના મુખ્ય ન્યાયાધીશ એનવી રમને સંકેત આપ્યો છે કે આ મામલાની સુનાવણી મોટી બેંચ દ્વારા કરવામાં આવી શકે. ઉદ્ધવ જૂથના વકીલો સીજેઆઇના મંત સાથે સંમત થયા કે આ મામલો બંધારણીય બેંચને મોકલવામાં આવે. સીજેઆઈએ કહ્યું કે અમે આ મામલાને મોટી બેંચને મોકલવાનો આદેશ નથી આપી રહ્યા ખાલી વિચારી રહ્યા છે હવે આ મામલે ૧ ઓગસ્ટે સુનાવણી થશે. આ સાથે તમામ પક્ષકારો પાસેથી એફિડેવિટ પણ માંગવામાં આવી છે.

આ દરમિયાન હરીશ સાલ્વેએ કહ્યું કે તેઓ ઉદ્ધવ જૂથ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર એફિડેવિટ દાખલ કરવા માંગે છે. આવી સ્થિતિમાં તેમને તેના માટે એક સપ્તાહનો સમય આપવો જોઈએ. આના પર સીજેઆઇ એનવી રમન અરજીઓના જવાબમાં એફિડેવિટ દાખલ કરવા સંમત થયા. સાલ્વેએ આ દરમિયાન કહ્યું હતું કે હવે અયોગ્યતાની કાર્યવાહી લાગુ પડતી નથી. ગેરલાયકાતની કાર્યવાહી સમગ્ર લોકશાહી પ્રણાલીની વિરુદ્ધ છે. જેની શરૂઆત તત્કાલીન સ્પીકરે કરી હતી. જ્યારે ધારાસભ્યોએ તેમને હટાવવા માટે અવિશ્વાસની દરખાસ્ત આપી હતી.

સુપ્રીમ કોર્ટે સાલ્વેને કહ્યું કે આ રાજકીય રીતે સંવેદનશીલ મામલો છે, સવાલ એ છે કે જો વિભાજન થયું નથી, તો તેની અસર શું છે? આના પર સાલ્વેએ કહ્યું કે આમાં કોઈ અયોગ્યતા નથી. એક વ્યક્તિ જે પોતાના સમર્થનમાં ૨૦ લોકો પણ ન રાખી શકે, તે કોર્ટમાંથી રાહતની આશા રાખી રહ્યો છે. આ દરમિયાન કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે જો આ કેસને મંજૂરી આપવામાં આવશે તો દેશની દરેક ચૂંટાયેલી સરકારને ગબડાવવાનું જોખમ વધી જશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે શિંદે ગ્રૂપ અને ઉદ્ધવ ઠાકરે ગ્રૂપ સામે કોઈ કાર્યવાહી થશે નહીં. આ પછી, રાજ્યપાલ વતી એસજી તુષાર મહેતાએ કોર્ટને ખાતરી આપી હતી કે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલ સાથે સંબંધિત મુદ્દાઓ ઉઠાવતી અરજીઓનો સમૂહ ઘણા બંધારણીય પ્રશ્નો ઉભા કરે છે. આ કારણે સરકાર બદલાઈ. અરજીઓની સુનાવણી ૫ જજોની બેંચ સમક્ષ થવાની જરૂર પડી શકે છે.

ઉદ્ધવ જૂથ વતી હાજર રહેલા કપિલ સિબ્બલે કહ્યું કે, જો રાજ્ય સરકારો ઉથલાવી દેવામાં આવશે તો લોકશાહી જોખમમાં આવશે. સિબ્બલે કહ્યું કે કોઈ રાજકીય પક્ષના સભ્યો જે અચાનક કોઈ કારણસર અલગ થઈ ગયા હોય તેમને દસમી અનુસૂચિમાં કોઈ છૂટ નથી. આવી પરંપરાની શરૂઆત કોઈ પણ રીતે સારી નથી ન માત્ર મહારાષ્ટ્રમાં પરંતુ દેશમાં ક્યાંય પણ.

સિબ્બલે કહ્યું કે ઉદ્ધવ શિવસેના જૂથના ધારાસભ્યોને કોઈ રક્ષણ નથી. તેમણે કહ્યું કે રાજ્યપાલે એકનાથ શિંદેને શપથ લેવડાવ્યા, તેમ છતાં તેઓ જાણતા હતા કે તેમની ગેરલાયકાતનો મામલો હજુ પણ સ્પીકર સમક્ષ પેન્ડિંગ છે.

જ્યાં સુધી તે નક્કી ન થાય કે આવા સભ્યો ગેરલાયક છે કે નહીં, રાજ્યપાલ તેમને ગૃહમાં મતદાન કરવાનો અધિકાર આપે છે. સિબ્બલે કહ્યું કે સુપ્રીમ કોર્ટે સ્પીકરની કાર્યવાહી પર સ્ટે મૂકતાની સાથે જ ફ્લોર ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. પક્ષપલટાને રોકવા માટે જે કાયદો બનાવવામાં આવ્યો હતો

અભિષેક મનુ સિંઘવીએ તત્કાલિન ડેપ્યુટી સ્પીકર તરફથી દલીલ કરતા કહ્યું કે એક અનાધિકૃત મેઈલથી ડેપ્યુટી સ્પીકરને એક ઈમેઈલ મોકલવામાં આવ્યો હતો. જેમાં ડેપ્યુટી સ્પીકર પર અવિશ્વાસની વાત કહી. આવા મેઈલને કેવી રીતે સ્વીકારી શકાય? તમે આ ઈમેઈલના આધારે કેવી રીતે કહી શકો કે આ વ્યક્તિનું સ્ટેટસ હવે માન્ય નથી.

૧૦થી વધુ ચુકાદા છે જ્યાં તેને બંધારણીય પાર ગણવામાં આવ્યું છે. ગુવાહાટી જવાના એક દિવસ પહેલા આ લોકોએ ઉપસભાપતિને એવું કહેતા મેઈલ કર્યો હતો કે અમને તમારા પર ભરોસો નથી. વિધાયકોને અયોગ્ય ઠેરવવાના કેસમાં જ્યારે ડેપ્યુટી સ્પીકરના હાથ બંધાયેલા હતા ત્યારે ફ્લોર ટેસ્ટ થવો જોઈતો નહતો.

એકનાથ શિંદે તરફથી વરિષ્ઠ વકીલ હરીશ સાલવેએ પક્ષ રજૂ કર્યો. તેમણે કહ્યું કે અયોગ્યતાનો નિયમ શિંદે કેસમાં લાગૂ થતો નથી. કારણ કે જો કોઈ પાર્ટીમાં બે જૂથ થાય અને જેની પાસે વધુ સંખ્યા હોય તે કહે છે કે હવે હું નેતા છું અને સ્પીકર માને છે તો તે અયોગ્યતામાં કેવી રીતે જશે. આંતરિક પાર્ટી લોકતંત્રનું ગળું ઘોંટાઈ રહ્યું છે.

જો પાર્ટીમાં અસંતોષ હોય અને પાર્ટીમાં કોઈ અન્ય વ્યક્તિને નેતા તરીકે પસંદ કરાય છે તો આવું તમામ લોકતંત્રમાં થતું હોય છે. એવા દેશ છે જ્યાં પીએમએ પણ હટવું પડે છે. આ ધારાસભ્યોએ સદનમાં બહુમત સાબિત કરીને સ્પષ્ટ કર્યું કે તેઓ તે પક્ષપલટો નથી.

બીજી બાજુ સુપ્રીમ કોર્ટે કહ્યું કે અરજીઓમાં અનેક મામલા છે. અમને કેસની પેપરબુક જોઈએ. આ સાથે જ કોર્ટે કહ્યું કે આ કેસને મોટી બેન્ચને મોકલવાની જરૂર છે. જેના પર સાલવે, સિંઘવી, સિબ્બલે પણ સહમતિ વ્યક્ત કરી. કેટલાક પહેલુઓ મોટી બેન્ચમાં જવા જોઈએ તેવું કોર્ટે કહ્યું

## રાજીવ શુકલા બીસીસીઆઇના ઉપાધ્યક્ષ પદેથી રાજીનામું આપશે

મુંબઇ,તા.૨૦

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લા ટૂંક સમયમાં પોતાના પદ પરથી રાજીનામું આપવા જઈ રહ્યા છે. શુક્લા સંસદના ઉપલા ગૃહ રાજ્યસભા માટે સાંસદ તરીકે ચૂંટાયા છે. તેમણે તેમના છ વર્ષના કાર્યકાળની શરૂઆત કરીને શપથ લીધા હતા. બીસીસીઆઇના મંજૂર બંધારણ મુજબ કોઈ પણ સરકારી કર્મચારી એક સાથે બે હોદ્દા પર રહી શકે નહીં. ગુરુવારે યોજાનારી બીસીસીઆઇ એપેક્સ કાઉન્સિલની બેઠકમાં આની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી રાજીવ શુક્લા તાજેતરમાં જ છત્તીસગઢથી રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયા છે. કોંગ્રેસના ઉમેદવાર શુક્લા બિનહરીફ ચૂંટાયા છે.

બીસીસીઆઇના એક વરિષ્ઠ અધિકારીએ ઈન્સાઈડસ્પોર્ટને કહ્યું, “બંધારણ મુજબ શુક્લાજીએ પદ છોડવું પડશે. અમને ચર્ચા કરવાનો મોકો મળ્યો નથી કારણ કે મોટાભાગના પદાધિકારીઓ ઈંગ્લેન્ડમાં હતા. શુક્લાજી પણ તેમની રાજ્યસભાની પ્રતિબદ્ધતાઓમાં વ્યસ્ત હતા. અમને એપેક્સ કાઉન્સિલની બેઠકમાં તેના પર ચર્ચા કરવાની તક મળશે. પરંતુ તે ક્યારે જાહેર કરશે તે કહી શકાય તેમ નથી.

નિયમ ૭.૨ મુજબ, ‘રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં, ઉપરાષ્ટ્રપતિ અધ્યક્ષની ગેરહાજરીમાં કાર્ય કરશે’. ઉપરાષ્ટ્રપતિ આવા કાર્યો અને ફરજો નિભાવશે જે તેમને જનરલ બોડી અથવા સુપ્રીમ કાઉન્સિલ દ્વારા સત્તા આપવામાં આવી હોય.’

પ્રમુખ, ઉપપ્રમુખ, સચિવ, સંયુક્ત સચિવ અને ખજાનચીને બીસીસીઆઇના હોદ્દેદારો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. બંધારણ કોઈપણ પદાધિકારીને બીસીસીઆઇ અધિકારી તરીકે ચાલુ રાખવા પર પ્રતિબંધ મૂકે છે જો તેઓ જાહેર સેવક તરીકે કોઈ ભૂમિકા ભજવે છે. તે ખાસ કરીને રાજકારણીઓને બીસીસીઆઈમાં હોદ્દો સંભાળતા અટકાવવા માટે બનાવવામાં આવ્યો હતો.

રાજીવ શુક્લાએ રાજ્યસભાના સાંસદ તરીકે શપથ લીધા હોવાથી તેમણે બીસીસીઆઈમાંથી રાજીનામું આપવું પડશે. ૨૧ જુલાઈએ મુંબઈમાં બીસીસીઆઇ એપેક્સ કાઉન્સિલની બેઠકમાં આની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. શુક્લા બીસીસીઆઇ એપેક્સ કાઉન્સિલના સભ્ય પણ છે.

## હરિયાણા બાદ રાંચીમાં એક મહિલા પોલીસકર્મીની ગાડીથી કચડીને હત્યા કરાઇ



રાંચી,તા.૨૦

ઝારખંડના પાટનગર રાંચીમાં એક મહિલા પોલીસકર્મીની ગાડીથી કચડીને હત્યા કરી દેવાઈ. આ ઘટના રાંચીના તુપુદાના પોલીસ મથક હદના હુલહૂંડુની છે. જે સમયે આ ઘટના ઘટી ત્યારે મહિલા સબ ઈન્સ્પેક્ટર સંધ્યા ટોપનો વાહન ચેકિંગ કરી રહી હતી. અચાનક ત્યારે જ અપરાધીઓએ તેમને પિકઅપ વેનથી કચડી નાખ્યા. જેમાં તેમનું મોત નિપજ્યું.

સંધ્યા ટોપનો ૨૦૧૮ બેચના અધિકારી હતા.

આ ઘટના આજે વહેલી સવારે ૩ વાગ્યાની આસપાસની છે. એસઆઈની હત્યાની સૂચના મળ્યા બાદ પોલીસ મથક પ્રભારી સહિત અનેક પોલીસકર્મીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા.

ઘટનાને અંજામ આપ્યા બાદ અપરાધી વાહન લઈને ફરાર થઈ ગયા. જો કે આરોપી હાલ પોલીસની પકડમાં આવી ગયો છે. પોલીસ આસપાસના સીસીટીવી ફૂટેજ પણ ફંફોળી રહી છે. ઘટનાની જાણકારી આપતા રાંચીના એસએસપીએ જણાવ્યું કે આરોપીની ધરપકડ કરી લેવાઈ છે અને વાહન પણ જપ્ત કરાયું છે.

અત્રે જણાવવાનું કે આવો જ એક બનાવ ગઈ કાલે હરિયાણામાં બની ગયો. જ્યાં મેવાતના નુંહમાં ડીએસપી સુરેન્દ્ર સિંહની ખનન માફિયાએ હત્યા કરી નાખી. ત્યારબાદ પોલીસ બેડામાં હડકંપ મચી ગયો.

ડેપ્યુટી એસપી સુરેન્દ્ર સિંહ બિશ્નોઈ ખનન માફિયાઓ સામે કાર્યવાહી કરવા માટે ગયા હતા.

## પોતાના પરિવારને ભ્રષ્ટ્રાચારના મામલામાં બચાવવા માટે તેજસ્વી યાદવે ભાજપની સરકાર બનાવવા સમર્થનની પેશકશ કરી હતી : પ્રદેશ ભાજપ પ્રમુખ

પટણા,તા.૨૦

ભાજપના બિહાર એકમના અધ્યક્ષ સંજય જાયસવાલે દાવો કર્યો છે કે રાજદ નેતા તેજસ્વી યાદવે પોતાના પરિવારને ભ્રષ્ટ્રાચારના મામલામાં બચાવવા માટે ઓફર આપી હતી.તેમણે કહ્યું હતું કે તેના બદલે તેઓ બિહારમાં ભાજપની સરકાર બનાવવા માટે સમર્થન આપવા માટે પણ તૈયાર હતાં

જાયસવાલે કહ્યું કે તેજસ્વી યાદવે એક ફલાઇટમાં કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયને આ ઓફર કરી હતી.તેમણે કહ્યું કે તેજસ્વી યાદવનો એ દાવો કે રાય તેમની પાર્ટીમાં સામેલ થવા ઇચ્છે છે.તે આ હતાશામાં આપવામાં આવેલું નિવેદન હતું કારણ કે ભાજપે ભ્રષ્ટ્રાચાર પર સમજૂતિ કરવાનો ઈન્કાર કરી દીધો હતો ફકત આ એકવાર હતું જયારે નિત્યાનંદ રાયની તેજસ્વી યાદવતી મુલાકાત થઇ હતી.

એ યાદ રહે કે ૧૮ જુલાઇએ તેજસ્વી યાદવે દાવો કર્યો હતો કે ભાજપના વરિષ્ઠ નેતા નિત્યાનંદ રાયે ૨૦૧૯માં કેન્દ્રમાં મંત્રી પદ મેળવતા પહેલા પાર્ટી બદલવાની ઇચ્છા વ્યકત કરી હતી જાયસવાલે તેજસ્વી યાદવના આ નિવેદન પર પલટવાર કરતા કહ્યું કે તે રાયને લઇ ખોટા દાવા એટલા માટે કરી રહ્યાં છે કારણ કે ભાજપે ભ્રષ્ટ્રાચાર પર સમજૂતિ કરવાનો ઈન્કાર કરી દીધો હતો.તેમણે કહ્યું કે તેજસ્વી યાદવ ઇચ્છતા હતાં કે તેમના પરિવારના લોકોને જેલ જવાથી બચાવવામાં આવે તેના બદલે તે બિહારમાં ભાજપને સમર્થન કરી તેમની સરકાર બનાવવા માટે પણ તૈયાર હતાં પરંતુ પાર્ટીએ ભ્રષ્ટ્રાચાર પર સમજૂતિ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો.

એ યાદ રહે કે રાષ્ટ્રીય જનતાદળ તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રોપદી મૂર્મૂ પર કટાક્ષા કરવામાં આવ્યો હતો.તેની નિત્યાનંદ રાયે ટીકા કરી હતી તેના પર પ્રતિક્રિયિા આપતા તેજસ્વી યાદવે કહ્યું હતું કે તેમની બાબતમાં મારી સાથે વાત ન કરો તે મંત્રી બનતા પહેલા મને મળ્યા હતાં અને મારી પાર્ટીમાં સામેલ થવાની ઈચ્છા વ્યકત કરી હતી.

## કોંગ્રેસે એનડીએની ઉમેદવાર દ્રૌપદી મુર્મૂ અને અન્ય વિરુદ્ધ ચૂંટણી આયોગમાં ફરિયાદ દાખલ કરાવી

બેંગ્લુરૂ,તા.૨૦

રાષ્ટ્રપતિ ચૂંટણીમાં પ્રાવધાનોના ઉલ્લંઘનના આરોપ લગાવતા કર્ણાટકમાં કોંગ્રેસે એનડીએની ઉમેદવાર દ્રૌપદી મુર્મૂ અને અન્ય વિરુદ્ધ ચૂંટણી આયોગમાં ફરિયાદ દાખલ કરાવી છે. પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે, કર્ણાટકમાં સત્તારૂઢ ભાજપે ૧૭ અને ૧૮ જુલાઈએ પોતાના ધારાસભ્યોને લાંચ આપી અને અનુચિત પ્રભાવ પાડ્યો. કોંગ્રેસ ધારાસભ્ય દળના નેતા સિદ્ધારમૈયા અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ડી. કે. શિવકુમારે પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો કે, જે ધારાસભ્ય મતદાતા હતા, તેમના માટે એક ફાઈવસ્ટાર હોટેલમાં રોકાવાની શાનદાર વ્યવસ્થા કરવામાં આવી હતી.

તેમણે આરોપ લગાવતા કહ્યું હતું કે, એનડીએ ઉમેદવાર દ્રૌપદી મુર્મૂના મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈ, ભાજપ પ્રદેશ અધ્યક્ષ નલિન કુમાર કતીલ, ભાજપના વરિષ્ઠ નેતા બી. એસ. યેદિયુરપ્પા, વિધાનસભામાં ભાજપના મુખ્ય સચેતક સતીશ રેડ્ડી, મંત્રીઓ અને ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓએ એકસાથે મળીને ભાજપના તમામ ધારાસભ્યોને ત્યાં એક ફાઈવ સ્ટાર હોટેલમાં તેડાવ્યા હતા અને રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મતદાન પર ધારાસભ્યોને પ્રશિક્ષણ સત્રાની આડમાં આલિશાન રૂમ, ભોજન, દારૂ, પીણા અને મનોરંજન પ્રદાન કર્યું.

કોંગ્રેસ નેતાઓએ આગળ કહ્યું કે, ૧૮ જુલાઈની સવારે લગભગ તમામ મંત્રી, ધારાસભ્યો અને મ્ત્નઁના અન્ય વરિષ્ઠ નેતા સરકારી સ્વામિત્વવાળી બેંગલુરુ મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની એસી બસમાં હોટેલથી વિધાનસભા સુધી પોતાના ચૂંટણી અધિકારની પ્રેક્ટિસ કરવા માટે આવ્યા હતા.

તેમણે આરોપ લગાવ્યો કે, ભાજપ નેતાઓની આ તમામ હરકતો દ્રૌપદી મુર્મૂ તરફથી મતદાતાઓ/ધારાસભ્યોને ચૂંટણીના સૂચિપત્રને આગળ વધારવા માટે લાંચ અને અનુચિત પ્રભાવ ઉપરાંત અન્ય કંઈ નથી. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, આ કૃત્યોથી ભાજપ નેતૃત્વએ મતદાતાઓ અથવા ધારાસભ્યોના ચૂંટણી અધિકારના સ્વતંત્ર પ્રયોગમાં હસ્તક્ષેપ કર્યો છે અને એક ફાઈવ સ્ટાર હોટેલમાં તેમના પર ભારે રકમ ખર્ચ કરવામાં આવી છે.

## કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સંસદમાં ચર્ચા થવા દેવા માંગતા નથી : સ્મૃતિ ઈરાની

નવીદિલ્હી,તા.૨૦

કેન્દ્રીય મંત્રી અને બીજેપી નેતા સ્મૃતિ ઈરાનીએ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા છે. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર આરોપ લગાવતા કહ્યું કે તેઓ સંસદમાં ચર્ચા થવા દેવા માંગતા નથી. સંસદમાં મડાગાંઠ સર્જવાનું તેમનું કામ રહ્યું છે. ઈરાનીએ કહ્યું કે રાહુલ ગાંધીનું સમગ્ર રાજકીય જીવન સંસદીય પરંપરાનું અપમાન કરવામાં પસાર થયું છે.સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, રાહુલ ગાંધીએ ક્યારેય સંસદમાં સવાલ નથી કર્યા, હંમેશા સંસદની કાર્યવાહીનું અપમાન કર્યું છે. તેમણે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને સંસદમાં વિરોધ સર્જવાના કિંગપિન ગણાવ્યા.કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, દેશની જનતા સંસદમાં ચર્ચા ઈચ્છે છે, પરંતુ રાહુલ ગાંધી સંસદની કાર્યવાહી ખોરવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સંસદમાં તેમની હાજરી ૪૦% કરતા ઓછી છે. જેઓ રાજકીય રીતે નિષ્ફળ રહ્યા છે, તેઓ સંસદની કાર્યવાહી ચાલવા દેવા માંગતા નથી. રાહુલ ગાંધીનું સમગ્ર રાજકીય જીવન સંસદનું અપમાન કરવામાં પસાર થયું છે. ઈરાનીએ આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધી ક્યારે દેશમાં છે અને ક્યારે બહાર છે તે ખબર નથી.સ્મૃતિ ઈરાનીએ વધુમાં કહ્યું કે, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સંસદમાં કેટલા પ્રશ્નો પૂછ્યા છે તે બધા જાણે છે. રાહુલ ગાંધીએ ક્યારેય પ્રશ્ન કર્યો નથી, હંમેશા સંસદીય કાર્યવાહીનું અપમાન કર્યું છે.

## તંત્રી સ્થાનેથી...

# મોંઘવારીની આગ



મોંઘવારીના મારથી ઘણા મહિનાથી જ્યારે જનતા બેહાલ છે, ત્યારે દૈનિક વપરાશની ચીજો અને અન્ય સુવિધાઓ પર જીએસટીના વધારાની તાર્કિકતા પર સવાલો ઊઠવા સ્વાભાવિક છે. નિશ્ચિતપણે સ્વસ્થ કર માળખું સુચારુ સંચાલનનું અનિવાર્ય અંગ છે, પરંતુ તેમ છતાં આર્થિક રૂપે કમજોર વર્ગ અને આમ આદમીના દૈનિક વપરાશની ચીજો પર કર લગાવવામાં સંવેદનશીલતા હોવી જોઈએ. નવા કરમાળખામાં કેટલીય ખાદ્ય ચીજો મોંઘી થઈ છે. તેમાં નિર્માતાથી પેક થઈને આવતી દૈનિક ઉપભોગની વસ્તુઓ લોટ, પનીર, દહીં વગેરે પર પાંચ ટકા જીએસટી લાગુ થઈ ગયો છે. એક તો આ સામાન્ય વપરાશની ચીજો છે, બીજું, તેના ઉત્પાદન સાથે નાના કારોબારીઓ જોડાયેલા હોય છે. દેખીતું છે કે સ્થાનિક સ્તર પર ઉત્પાદક, ઉપભોક્તા અને રોજગાર પણ તેનાથી પ્રભાવિત થઈ શકે છે. એ જ રીતે પાંચ હજાર રૂપિયા પ્રતિદિનથી વધુ ભાડાની હોસ્પિટલના રૂમો પર પણ જીએસટી લાગશે. દેખીતી વાત છે કે આવા કરો જનતાને કઠશે. જોકે આજે નાણાં મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ફક્ત ૨૫ કિલો સુધીના પ્રિપેક અનબ્રાન્ડેડ ખાદ્ય પદાર્થોની ખરીદી પર જ જીએસટી આપવાનો રહેશે, સાથે જ લૂઝ ખાદ્યચીજો પર જીએસટીને સરકારે વિરોધ બાદ નાબૂદ કર્યો છે.

બજારની વિસંગતિઓને કારણે અત્યાર સુધી નહીં વેચાનારા કેટલાય ખાદ્ય પદાર્થ બ્રાન્ડના નામથી પેક થઈને વેચાતા હતા, પરંતુ રજિસ્ટર નહિ હોવાને કારણે કર દાયરામાં નહોતા આવતા. નિઃસંદેહ, લાભ ઉઠાવનારા કર દાયરામાં આવે તે યોગ્ય છે, પરંતુ ઉત્પાદકો તેનો તમામ બોજ ગ્રાહકો પર નાખી દે છે. જેનાથી નિશ્ચિત રૂપે મોંઘવારી ઓર વધશે અને પહેલેથી ત્રસ્ત કમજોર વર્ગની મુશ્કેલીઓમાં તેનાથી વધારો જ થશે. સામાન્ય ધારણા છે કે જીએસટી નક્કી કરતાં પહેલાં તેના પ્રભાવોને લઈને ગંભીર અધ્યયન કરવાં જોઈએ, જેને કારણે ઓછી આવક વર્ગના લોકોની પરેશાની વધે નહીં. કોરોના સંકટ બાદ પ્રતિબંધો અને રોજગાર સંકોચનને કારણે એક મોટા વર્ગની આવકના સ્રોત ઘટ્યા છે. વળી પેટ્રોલિયમ પદાર્થોની વિશ્વવ્યાપી મોંઘવારીએ દરેક ક્ષેત્રમાં મોંઘવારી વધારી છે. પહેલેથી જ રિટેલ અને જથ્થાબંધ મોંઘવારીમાં રેકોર્ડ વધારાથી સામાન્ય જનજીવન ઘણું પ્રભાવિત છે. દૈનિક ઉપભોગની પેકડ વસ્તુઓ પર જીએસટી વધારવાની સીધી અસર ગ્રાહકો પર જ પડશે. આ મુશ્કેલ સમયમાં સરકારનું વલણ ઉદાર અને સંવેદનશીલ હોવું જોઈએ. છૂટક ચીજોમાં કરનાબૂદી આવકાર્ય છે, પરંતુ નાણાં મંત્રાલયે ભવિષ્યમાં જીએસટી વધારા પહેલાં તેના વ્યાપક પ્રભાવ અને પ્રભાવિત થનારા વર્ગને લઈને તાર્કિક વિશ્લેષણ કરવું જોઈએ. એ ધ્યાન રાખવું પણ જરૂરી છે કે સ્થાનિક સ્તર પર ઉત્પાદિત થનાર સામાન નાના કારોબારીઓ અને અકુશળ શ્રમિકોને જીવવાનો સ્રોત પણ હોય છે.

# સર્વ મુમુક્ષુને માર્ગદર્શન આપતો અદભૂત ગ્રંથ સંપૂર્ણ અવતાર વાણી ભાગ-૨

અનાધિકારી ગુરૂ દ્વારા જ્ઞાન આપવામાં આવવું જોઈએ નહી.અનાધિકારી ગુરૂ માયા સંચય વગેરેના માટે જ્ઞાનનો દુરઉપયોગ કરે છે અને જ્ઞાનનો અહંકાર કરવા લાગે છે.અનાધિકારી શિષ્યને પણ બ્રહ્મજ્ઞાન જેવી પવિત્ર વિધા મળવી જોઈએ નહી કારણ કે તેનાથી સમાજની હાની થવાનો ભય છે.અધિકારી ગુરૂ/પરમ ગુરૂ જ જાણી શકે છે કે પરા-વિધાનો સાચો અધિકારી કોન છે? ફક્ત ગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાથી જ કોઈ પૂર્ણ જ્ઞાનવાન બની શકતો નથી કારણ કે બ્રહ્મજ્ઞાનના ત્રણ સોપાન છેઃબ્રહ્મને જાણવો,તેને જીવનમાં ઉતારવું અને બ્રહ્મમય બની જવું..આ ત્રીજી અવસ્થા જ જીવન મુક્તિની અવસ્થા છે.

હે મુમુક્ષ માનવ ! ઉપર જે સૂર્ય,ચંદ્રમા અને તારાઓ દેખાય છે તેની ચમક-દમક અને તે પોતે નાશવાન છે.નીચે ત્રણ તત્વઃપૃથ્વી,પાણી અને અગ્નિ કે જેનો ખુબ મોટો વિસ્તાર છે અને તેનાથી તમામ સંસારની રચના થઈ છે તે પણ નાશવાન છે.આ નવ વસ્તુઓ દ્રશ્યમાન છે જેને માયા કહેવામાં આવે છે. દશમો બ્રહ્મ તેનાથી ન્યારો અને તેમની વચ્ચે સમાયેલ છે.માયા તો ક્ષણભંગુર હોવાથી નાશવાન છે પરંતુ આ અવિનાશી તત્વ બ્રહ્મ જ સર્વ કંઈ છે તેને મહાત્માઓ નિર્ગુણ નિરાકાર બ્રહ્મ કહે છે.

આ પરમાત્માનું ઘર એવું વિચિત્ર છે કે વાણી તેનું વર્ણન કરી શકતી નથી.આ પ્રભુની અંદર અબજો પ્રકારના અવાજો થઈ રહ્યા છે,કરોડો પ્રકારના વાજાં વાગી રહ્યાં છે.અસંખ્ય રાગ અને તાન નિકળી રહ્યા છે.સિધ્ધ,શેખ,પંડિત અને સંતો અહીયાં પ્રભુનાં યશગાન કરે છે અને યોગીઓ અહીયાં સમાધિસ્થ થાય છે. આ પરમાત્માનું રહસ્ય તેને જ મળે છે જેને સૌભાગ્યવશ સદગુરૂની કૃપા પ્રાપ્ત થાય છે.એક જ ચેતન તત્વ પરમાત્માના સંકલ્પ માત્રથી આ બ્રહ્માંડમાં જ તમામ દેવ,ભૂત સમુદાય,કમળના આસન પર બ્રહ્મા,શંકર અને ઋષિઓ વિરાજમાન છે,અનેક ઈશ્વરવાદીઓને એક જ પરમાત્મા બ્રહ્મા વિષ્?ણું મહેશ તથા કાળ કર્મ ચંદ્રમા અને સૂર્યના ભેદથી અલગ અલગ ભાસે છે પરંતુ પરમાત્મા વાસ્તવમાં એક અદ્વિતિય બ્રહ્મ છે.જેમ પૂતળીવાળો પડદામાં રહીને તમામ પૂતળીઓને નચાવે છે તેવી રીતે એક રામ જ સમગ્ર સૃષ્?ટ્રિને નચાવી રહ્યા છે.આ નાચવાવાળાઓમાં ત્રિદેવ પણ સામેલ છે.

સત્સંગથી મનનો મેલ દૂર થાય છે.સાચો સંત જ ત્રિગુણાતીત બ્રહ્મનાં દર્શન કરાવી શકે છે.સંત પણ બ્રહ્મની જેમ અનાદિ અને અનંત હોય છે એટલે સંત અને હરિમાં સહેજ પણ ભેદ હોતો નથી.સમયના સદગુરૂ સમગ્ર બ્રહ્માંડના માલિક હોય છે તે પોતાના સંકલ્પમાત્રથી જે ઈચ્છે તે કરી શકતા હોય છે,તેમની કૃપામાત્રથી કઠોર વ્યક્તિ પણ સંત બનીને ભવસાગર પાર ઉતરી જાય છે એટલે કે મુક્તાવસ્થાને પ્રાપ્?ત થાય છે.શ્રધ્ધાળુઓની આંખો આગળથી માયાનો પડદો હટાવીને તુરંત જ દિવ્યજ્ઞાન બ્રહ્માનુભાવ પ્રદાન કરે છે.તે એવી દવા આપે છે કે જેનાથી તમામ દૈહિક,દૈવિક અને ભૌતિક તાપ રોગ દૂર થાય છે.જો સદગુરૂ સાચા અને પૂર્ણ હોય તો દિવ્યનેત્ર પ્રદાન કરીને પરમાત્માની તુરંત જ અપરોક્ષાનુભૂતિ કરાવી દે છે.

જ્યાં સુધી પરમાત્માની અપરોક્ષાનુભૂતિ કરવામાં ના આવે ત્યાં સુધી મનમાં વિશ્વાસ પેદા થતો નથી. જ્યાં સુધી વિશ્વાસ પેદા થતો નથી ત્યાં સુધી પ્રભુની સાથે પ્રેમ સંભવ નથી,પ્રેમ વિના ભક્તિ થઈ શકતી નથી અને ભક્તિ વિના ભવસાગર પાર કરી શકાતો નથી અને જેમને પ્રભુની અપરોક્ષાનુભૂતિ કરી હોય એવા ગુરૂ વિના ભક્તિ સંભવ નથી.

જેમ ચંદ્રમા-ચકોર,પુષ્?પ-ભમરો,દિપક-પતંગિયું,જળ-માછલી..પોતાના ગુરૂ ચરણોમાં પ્રગાઢ પ્રેમ કરે છે. જેમ માછલી પાણી વિના ક્ષણભર રહી શકતી નથી તેવી જ રીતે ભક્ત પણ પ્રભુ વિના પલભર રહી શકતા નથી.ચાતક જેમ સ્વાતિ બુંદ માટે લાલાયિત રહે છે તેમ ભક્ત પણ પ્રભુદર્શનની ઝલક માટે તડપે છે.મહેંદી જેમ પોતાનો રંગ જીવનના અંત સુધી છોડતી નથી તેમ ભક્ત હરિ પ્રેમનો ત્યાગ કરતા નથી.

જેવી રીતે મુખથી સાબુ સાબુ ઉચ્ચારવાથી કપડાં ધોવાઈ જતાં નથી તેવી જ રીતે ફક્ત રામ-રામનો જાપ કરવાથી મુક્તિ મળતી નથી,જેમ પ્રકાશ થતાં જ અંધકાર આપોઆપ દૂર થાય છે તેવી જ રીતે જ્ઞાન થતાં જ પાપ વગેરે કર્મો સ્વંયમ્ સમાપ્?ત થાય છે.રોટલીનું નામ ઉચ્ચારણ કરવાથી ભુખ મટતી નથી તેવી જ રીતે હરિ પરમાત્માની ફક્ત વાતો કરવાથી માયાની આસક્તિ દૂર થતી નથી.જો કોઈ અજ્ઞાની મંજીલ..લક્ષ્ય પાસે જ ઉભો હોય અને પૂછે કે મારી મંજિલ શું છે? તો સમજી લેવું કે તે મંજિલથી અનભિજ્ઞ છે.બ્રહ્મજ્ઞાન થતાં જિજ્ઞાસુઓને અનુભવ થાય છે કે હું તો અંદર-બહાર પરમાત્માથી ઘેરાયેલ છું.સર્વવ્યાપી પરમાત્મા સાથેના મિલન માટે ગુરૂજ્ઞાન સિવાય અન્ય કોઈ માર્ગ જ નથી.

બ્રહ્મનિષ્ઠ બ્રહ્મશ્રુત પૂર્ણ સદગુરૂ બ્રહ્મજ્ઞાન પ્રદાન કરીને પાપીઓનો ઉધ્ધાર કરીને મુક્ત કરે છે.જે ઢોંગી ગુરૂ હરિ મિલન માટે જિજ્ઞાસુઓને જપ-તપ-મંત્ર..વગેરે બતાવે છે પરંતુ અંગ સંગ પ્રભુ પરમાત્માની ઓળખાણ ના કરાવે તો સમજવું જોઈએ કે તે પૂર્ણ સંત નથી.પૂર્ણ સદગુરૂ તો એ છે કે જે બ્રહ્મનાં સાક્ષાત દર્શન-અપરોક્ષાનુભૂતિ કરાવી દે.પાપી પણ બ્રહ્મજ્ઞાનથી પવિત્ર થઈ જાય છે કારણ કે બ્રહ્મજ્ઞાનથી અધિક પવિત્ર કરનાર પતિત પાવન વસ્તુ સંસારમાં બીજું કાંઈ નથી.

બ્રહ્મજ્ઞાન ગુરૂ વિના પ્રાપ્?ત થતું નથી.અવતારી મહાપુરૂષોએ પણ ગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્?ત કરવાની મર્યાદાનું પાલન કર્યું છે.બ્રહ્મજ્ઞાનના ત્રણ સોપાન છેઃ જાણવું..જીવનમાં ઉતારવું અને બ્રહ્મમય બની જવું. જ્યાં સુધી સર્વવ્યાપી પ્રભુ પરમાત્માનાં સાક્ષાત્ દર્શન-અપરોક્ષાનુભૂતિ ના થાય ત્યાં સુધી રામનું નિર્મલ જ્ઞાન, વિમલ વિવેક થતો નથી.રામનું જ્ઞાન અને વિશ્વાસ ત્રણ રીતે થાય છેઃશાસ્ત્ર દ્વારા..ગુરૂ દ્વારા અને પોતે પોતાના દ્વારા. જ્યાં સુધી શાસ્ત્ર કૃપા..ગુરૂકૃપા અને આત્મકૃપાના દ્વારા પ્રભુનો સાક્ષાત્કાર થતો નથી ત્યાં સુધી લક્ષચૌરાશીનો ચક્કર સમાપ્ત થઈ મુક્તિ મળતી નથી અને વ્યક્તિ માયામાં અહીં તહીં ભટકતો રહે છે.

સાચા સાધુ હરિગુરૂના ભક્ત(સંત) એક જ વાત સમજાવે છે કે જ્ઞાનવાન વ્યક્તિ પણ જો ભક્તિ છોડી દે તો પુનઃ માયામાં ગોથાં ખાય છે,ડુબવા લાગે છે માટે હરી પરમાત્માની ભક્તિ કરી લઈએ. જેના ફળ સ્વરૂપે આપણા દિલનું દર્પણ સાફ થશે અને મન પણ અહંકાર..વગેરે વિકારોથી મુક્ત થઈ પવિત્ર થશે. સદગુરૂ પરમાત્માના પવિત્ર અને કોમળ ચરણોનો પ્રેમ જો તમારા હૃદયમાં રહેશે તો અનેક જન્મોના પાપ અને સંસ્કાર નષ્?ટ થઈને આપણે પોતાના વાસ્તવિક ઘર(હરી)માં નિવાસ કરી શકીશું માટે હરિની ઓળખાણ કરી લઈએ અને અન્યને પણ તેની પ્રેરણા આપીએ કેમકે હરિનામ ધન જ સાચી સંપત્તિ છે.

જે ભૌતિક માયા સાથે નહી પરંતુ પ્રભુને પ્રેમ કરે છે તે જ સાચા સંત છે તે જેવું કરે છે તેવો જ ઉપદેશ અન્યને આપે છે.જ્ઞાન અને ભક્તિ બન્નેનો આધાર ગુરૂ છે કારણ કે બ્રહ્મજ્ઞાન ગુરૂ પાસેથી જ પ્રાપ્?ત થાય છે અને ત્યારબાદ જ સંત-ગુરૂ અને જીવમાત્રની તન-મન-ધનથી સેવા અને સમર્પણ ભાવ ભક્તિ કહેવાય છે.આ સેવા વ્યક્તિભાવથી નહી પરંતુ બ્રહ્મભાવથી જ કરવી.

જ્ઞાન જ્યારે દ્રઢ થતાં થતાં પ્રેમમાં પરીણત થાય છે તો તે ભક્તિ કહેવાય છે.જ્ઞાન વિના ભક્તિ સંભવ નથી અને ભક્તિથી જ્ઞાન સુદ્રઢ થાય છે.ભક્ત પણ પોતાના સ્વામીને સમર્પિત થઈને નિશ્ચિંત બની જાય છે. જો માલિક હરિ પરમાત્માની ઓળખાણ નથી તો ભક્તિ કેવી રીતે અને કોની કરીશું?

સદગુરૂને સમર્પિત ભાવે પ્રેમ કરવો તેમની બ્રહ્મભાવે પૂજા કરવી એ જ્ઞાન અને ભક્તિના માટે આવશ્યક છે.પરમાત્મા પ્રત્યે જેવો ભાવ અને શ્રધ્ધા દિલમાં હોય છે તેવો જ ભાવ સદગુરૂ પ્રત્યે સાકાર બ્રહ્મ જાણીને કરવામાં આવે તે જ્ઞાન જ દ્રઢ થાય છે.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ૫ વર્ષમાં ગટરની સફાઈમાં ૩૪૭ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે : શહેરી બાબતોના રાજ્ય મંત્રી

### ઉત્તર પ્રદેશમાં ગટર અને સેપ્ટિક ટાંકીઓની સફાઈ દરમિયાન ૪૭ કામદારો, તમિલનાડુમાં ૪૩ અને દિલ્હીમાં ૪૨,ગુજરાતમાં ૨૮ કામદારોના મોત



મુંબઈ,તા.૨૦

ગટર અને સેપ્ટિક ટાંકીઓની સફાઈ દરમિયાન થતા મૃત્યુ લાંબા સમયથી ભારત માટે ચિંતાનો વિષય છે. સરકારી ડેટા અનુસાર, ભારતમાં છેલ્લા ૫ વર્ષમાં ગટર અને સેપ્ટિક ટાંકીઓ સાફ કરતી વખતે ૩૪૭ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં ઉત્તર પ્રદેશ, તમિલનાડુ અને દિલ્હી મૃત્યુના ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી વીરેન્દ્ર કુમારે ૧૯ જુલાઈએ જણાવ્યું હતું કે ૨૦૧૭માં ૯૨, ૨૦૧૮માં ૬૭, ૨૦૧૯માં ૧૧૬, ૨૦૨૦માં ૧૯, ૨૦૨૧માં ૩૬ અને ૨૦૨૨માં ગટર અને સેપ્ટિક ટાંકીની સફાઈમાં ૧૭ મૃત્યુ થયાં હતાં.આવાસ અને શહેરી બાબતોના રાજ્ય મંત્રી કૌશલ કિશોર દ્વારા રાજ્યસભામાં રજૂ કરાયેલા ડેટા અનુસાર, ઉત્તર પ્રદેશમાં ગટર અને સેપ્ટિક ટાંકીઓની સફાઈ દરમિયાન ૪૭ કામદારો, તમિલનાડુમાં ૪૩ અને દિલ્હીમાં ૪૨ કામદારોના મોત થયા હતા. કૌશલ કિશોરે કહ્યું કે હરિયાણામાં ૩૬, મહારાષ્ટ્રમાં ૩૦, ગુજરાતમાં ૨૮, કર્ણાટકમાં ૨૬, પશ્ચિમ બંગાળમાં ૧૯, પંજાબમાં ૧૪ અને રાજસ્થાનમાં ૧૩ લોકોના મોત થયા છે. રાજધાની દિલ્હીમાં ૨૦૧૭માં ગટર અને સેપ્ટિક ટેક્નની સફાઈ દરમિયાન માર્યા ગયેલા લોકોની સંખ્યા ૧૩ હતી. વર્ષ ૨૦૧૮માં ૧૧, વર્ષ ૨૦૧૯માં ૧૦ અને ૨૦૨૦ અને ૨૦૨૧માં ચાર-ચાર. ભારતમાં ગટર અને સેપ્ટિક ટાંકીઓ હાથથી સાફ કરવા પર પ્રતિબંધ છે.

રાજ્ય મંત્રી કૌશલ કિશોરે કહ્યું કે સરકારે 'મિકેનાઈઝ્ડ સેનિટેશન ઈકોસિસ્ટમ (નમસ્તે)' યોજના માટે નેશનલ એક્શન પ્લાન તૈયાર કર્યો છે, જેનો હેતુ આવા મૃત્યુની સંખ્યાને શૂન્ય પર લાવવાનો છે. આ યોજના પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ, ભારત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર અને આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયનો સંયુક્ત પ્રોજેક્ટ છે.

રાજ્યમંત્રી કૌશલ કિશોરે પણ નમસ્તે યોજનાના હેતુ વિશે જણાવ્યું. કૌશલ કિશોરે કહ્યું કે નમસ્તે યોજનાનો ઉદ્દેશ્ય ભારતમાં સફાઈ કાર્યને કારણે થતા મૃત્યુની સંખ્યા શૂન્ય પર લાવવાનો છે. આ સાથે એ પણ સુનિશ્ચિત કરવાનું રહેશે કે તમામ પ્રકારની સફાઈ કાર્ય કુશળ કામદારો દ્વારા કરવામાં આવે. આ સાથે તમામ ગટર અને સેપ્ટિક ટાંકી સફાઈ કામદારો પાસે વૈકલ્પિક કામનો વિકલ્પ પણ હશે.

## છેલ્લા પાંચ વર્ષમાં સશસ્ત્ર દળોના કુલ ૮૧૯ કર્મચારીઓએ આત્મહત્યા : રક્ષા રાજયમંત્રી

નવીદિલ્હી,તા.૨૦

છેલ્લા પાંચ વર્ષોમાં સશસ્ત્ર દળોના કુલ ૮૧૯ કર્મચારીઓએ આત્મહત્યા કરી છે.સેનાએ ૬૪૨ આવા મામલો નોંધ્યા છે.રાજયસભામાં એક સવાલના લેખિત જવાબમાં રક્ષા રાજયમંત્રી અજય ભટ્ટે જણાવ્યું હતું કે ભારતીય વાયુસેનાએ ઉપરોકત મુદ્દતમાં આત્મહત્યાના ૧૪૮ મામલા દાખલ કર્યા છે જયારે ભારતીય નૌસેનામાં આ સંખ્યા ૨૯ હતી.ગત પાંચ વર્ષોમાં આત્મહત્યા કરનારા સૈનિકો અને પૂર્વ સૈનિકોની સંખ્યાને લઈ કરવામાં આવેલા સવાલના જવાબમાં મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સેવાઓમાં તનાવ અને આત્મહત્યાના પ્રબંધન માટે સશસ્ત્ર દળ તનાવ ઓછા કરનારા તંત્રમાં સુધાર કરવાના સતત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.એક વિસ્તૃત માનસિક આરોગ્ય કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે અને ૨૦૦૯થી પ્રચલનમાં છે.તેમણે કહ્યું કે અવસાદ અને આત્મહત્યાની પ્રવૃતિ જેવી સમસ્યાઓવાળા સશસ્ત્ર દળોના કર્મચારીઓની ઓળખ કરવા વિવિધ તંત્ર મોજુદ છે.તનાવના ઉચ્ચ જોખવાળા કર્મચારીઓની ઓળખ કરવામાં આવે છે અને નિર્ધારિત પ્રક્રિયાઓ અનુસાર યુનિટ કમાડિંગ અધિકારીઓ,રેજિમેંટલ ચિકિત્સા અધિકારીઓ અને વરિષ્ઠ નેતાઓ દ્વારા પરામર્થ આપવામાં આવે છે. રક્ષા રાજયમંત્રી અજય ભટ્ટે એક અન્ય સવાલના લેખિત જવાબમાં કહ્યું કે સેનાની વિરૂધ્ધ માનવાધિકાર ભંગની કુલ ૧૦૮ ફરિયાદો છે જયારે વાયુસેનાની વિરૂધ્ધ આવી ફરિયોદની સંખ્યા આઠ છે.તેમના જણાવ્યા અનુસાર સેનાની વિરૂધ્ધ વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ની વચ્ચે માનવાધિકાર ભંગની કોઈ ફરિયાદ નથી કેન્દ્રીય મંત્રી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા આંકડા અનુસાર વર્ષ ૨૦૧૭માં સેનાની વિરૂધ્ધ માનવાધિકાર ભંગની ૨૯ ફરિયાદ હતી જે ૨૦૧૮માં વધી ૪૨ થઈ ગઈ અને વર્ષ ૨૦૧૯માં તેની સંખ્યા ૨૬ આવી ગઈ વર્ષ ૨૦૨૦માં સેનાની વિરૂધ્ધ માનવાધિકાર ભંદની ફરિયાદોની સંખ્યા સાત અને ૨૦૨૧માં ચાર હતી.

## પાકિસ્તાનનું 'મિશન કશ્મીર' ફરીથી થયું શરૂ, કશ્મીરી યુવાઓને તાલીમ આપી રહ્યું છે

### ભારત અને આંતરરાષ્ટ્રીય દબાણને કારણે આઇએસઆઇએ ભારત અને કાશ્મીર પરથી નિયંત્રણ ગુમાવી દીધું છે.



નવીદિલ્હી,તા.૨૦

જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલાઓ વધી જતા અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. શું પાકિસ્તાની ઈન્ટર સર્વિસ ઈન્ટેલિજેન્સ (આઈએસઆઈ) ફરી પોતાનું મિશન કાશ્મીર શરૂ કરી રહી છે? આ હુમલાઓ પાછળ કોણ જવાબદાર છે? શું પાકિસ્તાન અફઘાનિસ્તાન બોર્ડર પર આતંકી સમૂહોની સાંઠગાંઠ છે? શું ઈસ્લામિક સ્ટેટ વિલાયાહ હિંદ (આઈએસએચપી)આઈએસઆઈનો એક ભાગ છે?

સેવાનિવૃત્ત આઈએસઆઈ અધિકારીએ જાણકારી આપતાં જણાવ્યું કે, વર્ષ ૨૦૦૮માં મુંબઈમાં આતંકી હુમલો કર્યા બાદ ભારત અને આંતરરાષ્ટ્રીય દબાણને કારણે આઈએસઆઈએ ભારત અને કાશ્મીર પરથી નિયંત્રણ ગુમાવી દીધું છે. દેશની ખરાબ આર્થિક પરિસ્થિતિ અને ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સે બ્લેકલિસ્ટ કરવાની ધમકી આપી હોવાને કારણે સીમિત માત્રામાં ફંડ મળે છે.આઈએસઆઈ ભારતમાં કાશ્મીર તથા અન્ય ૮૦થી વધુ મિશનને સંભાળતું હતું અને ઓપરેટ કરતું હતું. તત્કાલીન આઈએસઆઈ પ્રમુખ લેફ્ટનન્ટ જનરલ અહમદ શુજા પાશાએ ૨૬-૧૧ના હુમલા બાદ મિશન અને ફંડમાં કાપ મુકવો પડ્યો હતો. પાકિસ્તાન સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે તમામ લડાઈ હારી ચૂક્યું છે.

ઓગસ્ટ ૨૦૨૧માં ઔતિહાસિક જીત થવા છતાં બલૂચિસ્તાન અને અફઘાનિસ્તાનમાં અસહાય છીએ.લશ્કર-એ-તોયબા , જૈશ મોહમ્મદ ,તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના અને અન્ય ઈસ્લામિક સ્ટેટ વિલાયહ હિંદ સાથે એક નવું ગઠબંધન બનાવી રહ્યું છે. શાંતિ ઈચ્છતું હોવાને કારણે તે નવા સમૂહમાં શામેલ થવા ઈચ્છતું નથી આઈએસઆઈ 'જિહાદ-એ-અઝીમ' માટે જમ્મુ કાશ્મીરમાં ઘુસવા અંગે વધુ ભાર મૂકી રહ્યું છે.આ કારણોસર આઈઆઈપીએ અનેક ચર્ચા અને વાતચીત કરી હોવા છતાં પાકિસ્તાન શાંતિ રાખવાની સમજૂતી પર સહમત થતું નથી. આઈએસએચપીએ જમ્મુ કાશ્મીરમાં આતંકી ગતિવિધિઓને સંચાલિત કરવા માટે ટાર્ગેટ આપ્યો છે.

## છત્તીસગઢ સરકાર ગોબર બાદ હવે ગૌમૂત્ર ખરીદશે,૪ રૂપિયા લીટરનો ભાવ નક્કી

રાયપુર,તા.૨૦

છત્તીસગઢની ભુપેશ બધેલ સરકાર ગોબર બાદ ગૌત્ર ખરીદવા જઈ રહી છે.ગોમુત્ર ખરીદની આ પ્રક્રિયા ૨૯ જુલાઈના રોજ હરેલી તિહાડથી શરૂ થશે.છત્તીસગઢ શાસને કૃષિ વિકાસ અને કિસાન કલ્યાણ અને જૈવ પ્રૌદ્યોગિકી વિભાગ તરફથી રાજયમાં ગોમુત્રની ખરીદ માટે ન્યુનતમ ચાર રૂપિયા પ્રતિ લીટરની રકમ પ્રસ્તાવિત કરી છે.પહેલા તબક્કામાં દરેક જીલ્લાની બે ગૌઠાનોમાં ગૌમૂત્ર ખરીદવામાં આવશે મહિલા સ્વયં સહાયતા સમૂહ ગૌમુત્રથી જીવામૃત અને કીટ નિયંત્રણ ઉત્પાદન તૈયાર કરશે પસંદગીના સમૂહોને પશુ ચિકિત્સા વિભાગ અને કૃષિ વિત્રાન કેન્દ્રના સહયોગથી તાલીમ આપવામાં આવશે.ગોધન ન્યાય મિશનના પ્રબંધ નિર્દેશક ડો અય્યાજ તંબોલીએ તમામ કલેકટરોને ગૌઠાનોમાં ગોમુત્રની ખરીદ માટે તમામ તૈયારીઓ પુરી કરવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે કહ્યું કે ગોધન ન્યાય યોજના હેઠળ ગૌઠાન પ્રબંધન સમિતિ પોતાના બેકો ખાતામાં ઉપલબ્ધ સર્કુલર ફંડની વ્યાજની રકમથી ગોમુત્રની ખરીદ કરશે તેમણે કલેકટરોને પોત પોતાના જીલ્લાના બે ગોઠાનો સ્વયં સહાયતા સમૂહોની પસંદ કરવા,ગૌઠાન પ્રબંધન સમિતિ અને સ્વયં સહાયતા સમૂહોના સભ્યોને તાલીમ આપવાની વાત કહેવામાં આવી છે આ સાથે જ નિર્દેશ આપવામાં આવ્યો છે કે ગૌમુત્ર પરીક્ષણ,ગાય થી સંબંધીત કિટ અને ઉત્પાદનના ભંડારણની વ્યવસ્થા કરવામાં આવે .બે વર્ષ પહેલા એટલે કે ૨૦ જુલાઈ ૨૦૨૦થી ગોધન ન્યાય યોડના હેઠળ જ પ્રદેશમાં હરેલી પર્વના દિવસથી ગૌઠાનોમાં ગોબરની ખરીદ શરૂ કરવામાં આવી હતી આ યોજના હેઠળ મહિલા સ્વયં સહાયતા સમૂહો તરફથી અત્યાર સુધી ૨૦ લાખ કિવંટલથી વધુ વર્મી કમ્પોસ્ટ સુપર કમ્પોસ્ટ સુપર પ્લસ કમ્પોસ્ટનું ઉત્પાદન કરવામાં આવી ચુકયુ છે તેનાથી પ્રદેશમાં જૈવિક ખેતીને પ્રોત્સાહન મળ્યું છે.

# યોગીના જળ શક્તિ રાજયમંત્રી દિનેશ ખટીકે મંત્રી પદેથી રાજીનામું આપી દીધું

### દલિત હોવાને કારણે અધિકારીઓ મારી વાત સાંભળતા નથી,મંત્રી જિતિન પ્રસાદ પણ નારાજ



લખનૌ,તા.૨૦

યોગી સરકારમાં જલ શક્તિ રાજ્ય મંત્રી દિનેશ ખટીકે કામની વહેંચણી ન થવાના ગુસ્સામાં પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને લખેલા પત્રમાં તેમણે પોતાના વિભાગના અધિકારીઓ પર તમામ પ્રકારના આક્ષેપો કર્યા છે. તેમણે આની કોપી સીએમ અને રાજભવનને પણ મોકલી છે. જો કે સરકાર અને પાર્ટી સંગઠનના સ્તરે આ વાતની પુષ્ટિ કરવામાં આવી નથી. પત્રમાં દિનેશ ખટીકે લખ્યું છે કે જલ શક્તિ વિભાગમાં દલિત સમુદાયના રાજયકક્ષાના મંત્રી હોવાના કારણે તેમના કોઈ આદેશ પર કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. તેમજ વિભાગમાં કઈ યોજનાઓ ચાલી રહી છે અને તેના પર શું કાર્યવાહી કરવામાં આવી રહી છે તેની માહિતી પણ આપવામાં આવતી નથી.

તેમણે આરોપ લગાવ્યો કે ઉત્તર પ્રદેશ સરકારના અધિકારીઓ દલિતોનું અપમાન કરી રહ્યા છે. તેમણે સિંચાઈ વિભાગના અગ્ર સચિવ અનિલ ગર્ગને એક બાબતે ફોન કર્યો હતો પરંતુ તેમણે તેમની વાત સાંભળ્યા વિના ફોન કાપી નાખ્યો હતો. તેઓ દલિત જાતિના મંત્રી છે, તેથી વિભાગમાં તેમની સાથે ભારે ભેદભાવ કરવામાં આવી રહ્યો છે.

લખનઉમાં યોગી સરકારના રાજયમંત્રી દિનેશ ખટીકનું પ્રેશર પોલિટિક્સ જોઈ શકાય છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ પોતાની ઉપેક્ષા થતા નારાજ થયેલા દિનેશ ખટીકે મંત્રીપદેથી રાજીનામાનો પત્ર ૫ જગ્યાએ મોકલ્યો. જાણકારી મુજબ પત્રમાં લખ્યું છે કે તેઓ જે સમાજથી છે તે સમાજનું ભલું ન કરી શકે તો તેમના મંત્રી થવાનો શું ફાયદો? તેમણે એ પણ લખ્યું કે અધિકારી અને પ્રમુખ સચિવ પક્ષપાત કરતા હતા અને વાત સાંભળતા નહતા. જો કે અત્રે જણાવવાનું કે તેમનું રાજીનામું હજું મંજૂર થયું નથી. બીજી બાજુ સીએમ યોગી આદિત્યનાથે કેબિનેટના મંત્રીઓને સલાહ આપી છે કે રાજયમંત્રીઓ સાથે સમન્વય બનાવીને ચાલવું જોઈએ.

યુપીમાં સતત પ્રેશર પોલિટિક્સ જોવા મળી રહ્યું છે. હવે મંત્રી જિતિન પ્રસાદ પણ નારાજ દેખાઈ રહ્યા છે. કહેવાય છે કે લોકનિર્માણ વિભાગમાં થયેલી કાર્યવાહીના કારણે તેઓ નારાજ છે. બની શકે કે જિતિન પ્રસાદ જલદી ભાજપ હાઈકમાન સાથે મુલાકાત કરીને પોતાની વાત રજૂ કરે. એવું પણ કહેવાઈ રહ્યું છે કે જિતિન પ્રસાદ જલદી અમિત શાહને મળવા જશે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



N.O.G.SS .NO -0026
વિષય - સૂર, સંગીત, સુરાવલી.
વિભાગ - પદ્ય
શીર્ષક - સૂર તણી લાખો સળી.

સમજ કદીજો સૂરની હૃદયાથી નીકળી,
તે પછી આખુંય જીવન વાગશે બની વાંસળી.
સાત સૂરનાં મંદિરમાં શબ્દ બધાં હો મીણના,
તો પછીથી રાગનાં ધુમ્મસમાં જાજે ઓગળી.
રાગ અને રાગિણીઓની ઉકેલતાં જે ગાંઠને,
તે પછીનો સાથ પામે એજ જનની વંશાવળી.
એક સૂર લઈ,એક ચાલે તાલે ગોઠવો માળો તમે,
ત્યાં પછી ફેલાઈ જાશે ચો- તરફ લાખો સળી.

(અંજના ગાંધી' મૌનુ')
વડોદરા ( હાલ અમેરિકા)

---

NGO SS NO : 0112
શબ્દ : સૂર, લય, સુરાવલી
વિભાગ : પદ્ય
શીર્ષક : સંગીતના મૂળ, સૂર, લય, તાલ

સૂર, લય, તાલ, એ સંગીતના મૂળ છે,
સંગમ થાય ન ત્રણનો ત્યારે સ્થૂળ છે.
સંગીત અને કલા તણો મુખ્ય આધાર છે.
સૂર જો બસૂરો તો જાણે બધુ બેકાર છે.
લય વિના ગાવુ એ પણ અત્યાચાર છે,
તાલ થાય બતાલ તો નર્યો હાહાકાર છે.
કલાના ચાહકો પણ ખૂબ જાણકાર છે,
કલાકાર જો ચૂકે તો, કરતા પડકાર છે.
સંતવાણીને ડાયરામાં,સંગીતની મોજ છે,
સૂર લય તાલ થકી, સુરાવલીની મોજ છે.
લોક ભવાઈ ક્ષેત્રમાં,સંગીત સાચો પ્રાણ છે,
સૂર, લય, તાલ,વિના ભવાઈ નિષ્પ્રાણ છે.

રાજેશભાઈ એસ વ્યાસ ' રાજ '
ધ્રુવનગર,,,,, મોરબી

# અંતર વરસે અનરાધાર

**ભક્ત કવિ બારોટ :- "હસુ ગોવિંદ" પાલનપુરી.**

## પ્રેરક પ્રસંગ

૧૯૯૪

આ પ્રેરક પ્રસંગ ઈસ.૧૯૯૪ માં બનેલ છે.

??ભારતિય રાષ્ટ્રપતિ શ્રી. શંકર દયાળ શર્મા જી ૧૯૯૪ માં અધિકારીક વિદેશ યાત્રા પર "ઓમાન" જઈ રહેલ ત્યારે એક સાથે ત્રણ ઘટના બનવા પામેલ જે ભારત માટે ગૌરવ લેવા જેવી છે.

ઘટના ૧ ઓમાન ના રાજા કોઈપણ જાને માનેલ વ્યક્તિ ને સત્કારવા એરપોર્ટ પર જતા નથી.

જ્યારે એર ઈન્ડિયા નું વિમાન મસ્કત એરપોર્ટ પર ઉતરાણ કર્યું ત્યારે ઓમાન ના રાજા આજે જાતેજ અધિકારીઓ સાથે હવાઈ એરપોર્ટ પર લેવા જાય છે.

ઘટના -૨.

એટલુંજ નહીં પણ ઓમાનના રાજા જી એરે ઈન્ડિયા ના વિમાન ની સીડીઓ ચડી ને પોતેજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી.શંકરદયાળ શર્મા ને સીટ પાસે જઈને રીસીવ પણ કરી તેમને નીચે લાવે છે.

ઘટના :- ૩

ઓમાન ના રાજા જી એટલું જ નહીં....એક જેવી બે ગાડીઓ સત્કારવા એરપોર્ટ પર લાવેલ. તેમાં પ્રથમ ઊભી રાખેલ ગાડીના ડ્રાઈવર ને ઈશારો કરી બીજી ગાડીમાં જવા કહ્યું,

ને ! ,ઓમાન ના રાજા જી એ

ભારતના રાષ્ટ્રપતિ શ્રી શંકર દયાળ શર્મા જી ગાડીમાં બેઠા પછી ડ્રાયવર સીટ પર જઈ ને પોતે ગાડી ડ્રાઈવ કરીને મહેલ સુધી લઈ ગયા.

ત્યારે, મહેલમાં ઊભા રહેલા

અધિકારી વર્ગ શ્રી એ કહ્યું,રાજાજી માફ કરજો , આપે પ્રોટોકોલ નો ભંગ શામાટે કર્યો ?

ત્યારે ઓમાનના રાજા જી એ કહ્યું કે , હું ભારતીય સંસ્કૃતિ (કલ્ચર)સાથે વણાઈ ગયેલો છું.

જ્યારે હું ભારતના પૂના શહેરમાં કોલેજ માં ભણતો તો ત્યારે આજના ભારતના બનેલ રાષ્ટ્રપતિ,પણ !તેવખતના મારા

પ્રોફેસર હતા. ને !મારા જીવન ઘડતર માં સવિશેષ તેમનો ફાળો રહેલો. એટલે મારા ગુરુ માટેજ હું

એરપોર્ટ સુધી લેવા આવ્યો ઉપરાંત જાતેજ ગાડી ચલાવી ને

મારા મહેલ સુધી તેમને આદરપૂર્વક

લાવ્યો તે માટે મૈં મારી ફરજ બજાવી છે.આમા કોઈ ને વાંધો ?

આછે આપણી ભારતિય રાષ્ટ્ર ની સેવા પરાયણતા ને આવા શિક્ષક શ્રી ને કર્મ યોગી સંગીત શિક્ષક, ભક્ત કવિ બારોટ " હસુ ગોવિંદ"પાલનપુરી કલાકાર ના લાખ લાખ વંદન ને અભિનંદન !!!

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી શંકર દયાળ શર્મા ને પૂના કોલેજ ના પ્રોફેસર શ્રી શંકર દયાળ શર્મા શ્રી ને !!!.

અને લાખ લાખ વંદન ને અભિનંદન " ઓમાન " ના રાજા જે ભારતીય સંસ્કૃતિ કલ્ચર સાથે ભારતમાંથી અભ્યાસ દરમિયાન રંગમાં રંગાઈ ગયેલા એ "ઓમાન "

ના મહા રાજવી ને!!!

જય..ઓમાન...??

? ? ? ? જ ય હિન્દુસ્તાન.???? ? ? ??? જય જયભારત ???

ભક્ત કવિ બારોટ "હસુ ગોવિંદ" પાલનપુરી.

# ભારત-પાકિસ્તાનની મેચની ૧૨ લાખ ટિકિટો વેચાઈ ગઈ

બર્મિંગહામ,તા.૨૦

બર્મિંગહામમાં ૨૮ જુલાઈથી શરૂ થઈ રહેલી કોમનવેલ્થ ગેમ્સની ૧૨ લાખ ટિકિટો વેચાઈ છે અને આયોજકોનું કહેવું છે કે સ્થાનિક લોકો ભારત અને પાકિસ્તાનની મહિલા ક્રિકેટ ટીમો વચ્ચેની મેચમાં ખૂબ જ રસ લઈ રહ્યા છે. મહિલા ક્રિકેટ કોમનવેલ્થ ગેમ્સમાં પદાર્પણ કરવા જઈ રહી છે અને ભારત-પાકિસ્તાન મેચ ૩૧ જુલાઈએ થશે. બર્મિંગહામમાં ભારતીય અને પાકિસ્તાની મૂળના ઘણા લોકો રહે છે.

બર્મિંગહામ ગેમ્સના સીઈઓ ઈયાન રીડે જણાવ્યું હતું કે સેમીફાઈનલ અને ફાઈનલની ટિકિટો વેચાઈ ગઈ છે અને ભારત-પાકિસ્તાન મેચ માટે પણ સ્ટેડિયમ ભરાઈ જશે તેવી અપેક્ષા છે. તેંમણે કહ્યું હું પોતે પણ ક્રિકેટનો ફેન છું. ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપમાં છે, તેથી અહીંના લોકોને તે મેચમાં ખૂબ જ રસ છે. ભારતીય પુરુષ ટીમ હાલમાં જ અહીં રમવા આવી ગઈ છે અને હવે આ મેચ આકર્ષણનું કેન્દ્ર બનશે.તેમણે કહ્યું કે સેમી ફાઈનલ અને ફાઈનલની ટિકિટો વેચાઈ ગઈ છે. આશા છે કે ભારત અને ઈંગ્લેન્ડ તેમાં રમશે. ભારત અને પાકિસ્તાનની મેચની ટિકિટો પણ લગભગ વેચાઈ ગઈ છે.

# ઝેલેન્સ્કી સાથે હાથ મિલાવનાર, ખુરશી ગુમાવે છે, શ્રીલંકાના ગોટાબાયા તેનું તાજું ઉદાહરણ

**બ્રિટનના પીએમ,ઈટાલીના વડાપ્રધાન,એસ્ટોનિયન વડાપ્રધાન બાદ ગોટાબાયા રાજપક્ષેને પદ છોડવું પડયું**

કીવ,તા.૨૦

યુક્રેનની મદદ માટે જે પણ આગળ આવી રહ્યું છે અથવા ઝેલેન્સકી સાથે હાથ મિલાવી રહ્યું છે તેની ખુરશી જોખમમાં આવી છે. કદાચ આ એક સંયોગ હોય શકે છે. જો કે આ માત્ર થોડાક ઉદાહરણો છે, પરંતુ આ કિસ્સાઓ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની રહે છે. બ્રિટનના પીએમ બોરિસ જોન્સન, ઈટાલીના વડાપ્રધાન મારિયો ડ્રેગી, એસ્ટોનિયન વડાપ્રધાન કાજા કલ્લાસ અને હવે રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનની સાથે ઉભેલા ગોટાબાયા રાજપક્ષેને શ્રીલંકાના રાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપવું પડ્યું છે. તમને જણાવી દઈએ કે રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધને ૧૫ જૂને ૧૪૩ દિવસ થઈ ગયા છે.

યુક્રેનના આંતરિક બાબતોના પ્રથમ નાયબ પ્રધાન યેવજેનિનેના જણાવ્યા અનુસાર, યુક્રેન વિરુદ્ધ રશિયાના સર્વશ્રેષ્ઠ યુદ્ધની શરૂઆતથી યુક્રેન દ્વારા નાગરિક લક્ષ્યો પર ૧૭,૩૧૪ હુમલાઓ અને યુક્રેનમાં લશ્કરી લક્ષ્યો પર માત્ર ૩૦૦ હુમલા થયા છે. અહીં, જર્મનીએ યુક્રેનિયન શરણાર્થીઓને મદદ કરવા માટે વધારાના ૨.૪ બિલિયન યુરોની જાહેરાત કરી છે. જર્મનીના શ્રમ પ્રધાન હુબર્ટસ હેઈલે જણાવ્યું હતું કે લગભગ ૮૦૦,૦૦૦ યુક્રેનિયનોએ જર્મનીમાં આશ્રય મેળવ્યો છે, જેમાંથી ૩૦% ૧૪ વર્ષથી ઓછી ઉંમરના છે. આગળ વાંચો, કોણે હાથ મિલાવ્યા, કોણે ખુરશી છોડવી પડી



શ્રીલંકામાં આર્થિક કટોકટીથી સર્જાયેલા બળવા પછી રાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપનાર ગોટાબાયા રાજપક્ષે અને ઝેલેન્સ્કી નજીકના મિત્રો ગણાય છે. શ્રીલંકા કટોકટી પર, ઝેલેન્સકીએ નિવેદન આપ્યું હતું કે શ્રીલંકામાં આર્થિક કટોકટી માટે રશિયાનું વિશેષ લશ્કરી ઓપરેશન જવાબદાર હતું. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે મોસ્કોએ હુમલા દરમિયાન ખાદ્ય પદાર્થોને અવરોધિત કર્યા હતા, જેના કારણે શ્રીલંકામાં સંકટ સર્જાયું હતું. તમને જણાવી દઈએ કે નવેમ્બર ૨૦૨૧માં ગોટાબાયા ઝેલેન્સકીને મળ્યા હતા. પછી ઘણા કરારો પર હસ્તાક્ષર થયા. ત્યારે આ તસવીર લેવામાં આવી હતી.

૪૧ મંત્રીઓના બળવા બાદ દબાણનો સામનો કરી રહેલા બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોન્સને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે બોરિસ જોનસન જૂનમાં કિવ આવ્યા હતા.

MCX METAL & ENERGY Trade with Trust WWW.MCXINDIA.COM

"Disclaimer: The information contained in this e-mail (which includes any files transmitted with it) is CONFIDENTIAL, PROPRIETARY and is intended solely for the addressee(s) which may constitute PRIVILEGED information. If you are not intended addressee and received it in error, please destroy any copies of this message, including any attachments, and delete it from your system notifying the sender immediately. Any disclosure, copying, distribution, dissemination, forwarding, printing or any action taken or omitted to be taken in reliance on it or utilizing the same for any purpose other than what it is intended for, is prohibited and may be unlawful. Any unauthorized use of this email or any attachment may be treated as infringement of right(s) including right of privacy under the applicable laws of India including Information and Technology Act, 2000. E-mail transmission is not guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or may contain viruses in transmission. The e mail and its contents shall therefore not attach any liability on the sender or MCX."

# રશિયા અને ઈરાન પોતાની સંપ્રભુતાની કીમત પ્રતિબંધોને સહન કરી ચુકવી રહ્યાં છે : રશિયા



મોસ્કો,તા.૨૦

રશિયા અને ઈરાન બે એવા દેશ છે જેના પર અમેરિકા સહિત પશ્ચિમી દેશોએ અનેક રીતના પ્રતિબંધ લગાવ્યા છે.આવામાં હવે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના પ્રવકતાએ કહ્યું કે રશિયા અને ઈરાનને પોતાની સંપ્રભુતાની કીમત આ પ્રતિબંધોને સહન કરી ચુકવવી પડી રહી છે.રશિયાના પ્રવકતાએ પણ કહ્યું કે બંન્ને દેશો હવે પરસ્પર કારોબારમાં ધીરે ધીરે ડોલરનો ઉપયોગ બંધ કરી દેશે

રશિયાના રાષ્ટ્રપતિના પ્રવકતા દમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે બંન્ને દેશો પર અનેક રીતના પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે જેની સંખ્યા હજારોમાં હોઈ શકે છે આ પ્રતિબંધ વિવિધ ક્ષેત્રોમાં લગાવવામાં આવ્યા છે પરંતુ આ તે કીમત છે જે અમે અમારી સ્વતંત્રતા અને સંપ્રભુતા માટે ચુકવી રહ્યાં છીએ તેમણે કહ્યું કે રશિયા અને ઈરાનની પાસે આ પ્રતિબંધોના નુકસાનને ઓછુ કરવા માટે સહયોગ વધારવાની તક છે.ઈરાન પર લગાવવામાં આવેલા પ્રતિબંધો પર પેસ્કોવે કહ્યું કે દેશ એક દાયકાથી પણ વધુ સમયથી પ્રતિબંધના છાયામાં રહ્યો છે અને આમ છતાં તે પોતાના લોકોની ભલાઇ માટે સતત કામ કરી રહ્યો છે.

તેમણે કહ્યું કે સમયની સાથે સાથે રશિયા અને ઈરાન દ્વિપક્ષીય કારોબારમાં ડોલરનો ઉપયોગ કરવાનું બંધ કરી દેશે અમે તમામ જાણીએ છીએ કે ગત વર્ષ બંન્ને દેશોની વચ્ચે વ્યાપાર ચાર અબજ ડોલરથી વધુ રહ્યો અમે બેકીંગ અને નાણાંકીય સેકટરમાં અમારા સહયોગને વધારવાની દિશામાં કામ કરી રહ્યાં છીએ.બંન્ને દેશ દ્વિપક્ષીય કારોબારમાં ડોલરની જગ્યાએ પોતાના સ્થાનીક મુદ્રાઓને મહત્વ આપશે

તેમણે કહ્યું કે આ વર્ષની શરૂઆતી ચાર મહીનામાં રશિયા અને ઈરાન વચ્ચે કારોબાર ૩૧ ટકા વધ્યો છે જે સકારાત્મક વલણને દર્શાવે છે. પેસ્કોવે કહ્યું કે ઈરાન અમારૂ દોસ્ત અને ભાગીદાર છે વાસ્તવમાં અમે અમારા સંબંધોને ખુબ મહત્વ આપીએ છીએ એ ખુશીની વાત છે કે બંન્ને દેશોનના રાષ્ટ્રપતિ એક બીજાના સંપર્કમાં છે.

# વરસાદ

**શ્રાવણ નો ધીમો વરસાદ એકલો ન હતો
આંખો માં છુપાયેલ અશ્રુઓ સાથે હતા
વેદના ની ન ઓળખાએલ હૂંફ સાથે હતી
ઘેલી થઈ ગયેલ પ્રણય ની હેલી સાથે હતી
શ્રાવણ નો ધીમો વરસાદ એકલો ન હતો
ભીંજાયેલો થૂંઠવાતો એકલ દેહ સાથે હતો
જૂની ડેલી ની ટપકતી અગાશી સાથે હતી
એકલી પડેલી કાગળ ની હોડી સાથે હતી
શ્રાવણ નો ધીમો વરસાદ એકલો ન હતો
તુટેલા ચપ્પલ નો ઉડતો કાદવ સાથે હતો
ભીની માટી ની મહેક ઉડીને વળગતિ હતી
તારા વગર જ વિતાવેલ ગરીબી સાથે હતી
શ્રાવણ નો ધીમો વરસાદ એકલો ન હતો
ઉખડી ગયેલ દીવાલો નો રંગ સાથે હતો
તારા સપના અલગ હતા મારા પ્રણય થી
પરત ફરેલા બધા પત્રો નો રંજ સાથે હતા
શ્રાવણ નો ધીમો વરસાદ એકલો ન હતો
આંખો માં છુપાયેલ અશ્રુઓ સાથે હતા
એ પત્ર ની એક હોડી આજે તરતી હતી
ડૂબી જવા ની બીક હજું ભરખતી હતી
માનસ-શ્ર..મહેશ શાહ.અમેરિકા
૭.૧૬.૨૦૨૨**

# વધ્યું છે

**લાગે છે કે ગગન લગીરે વધ્યું છે,
ભૈ સનમનું વજન લગીરે વધ્યું છે.
આમ તો કોઈને ખબર ક્યાંથી પડે,
ભૈ સનમનું ભવન લગીરે વધ્યું છે.
આજકાલ મધુશાલામાં દેખાય નહીં.
ભૈ સનમનું ભજન લગીરે વધ્યું છે.
વૃક્ષના થડની આજુબાજુ ગોળ ફરે,
ભૈ સનમનું ચમન લગીરે વધ્યું છે.
લળીલળી કે ઝૂકીને સલામો કરે છે,
ભૈ સનમનું નમન લગીરે વધ્યું છે.
ભેંસાસુરે રાગડા પાડીને ગાય છે,
ભૈ સનમનું ચમન લગીરે વધ્યું છે
ડાળીએ વળગ્યો એની ગામને ખુશી ,
ભૈ સનમનું લગ્ન લગીરે વધ્યું છે.
ભરત વૈષ્ણવ
૧૯.૭.૨૦૨૧.**

# એક ડોલરનો વિનિમય દર ૧૦૦ રૂપિયા કે વધુ થશે કેવી અફડાતફડી - તડાફડી થશે ??

રાજુ રદીએ ધીરે રહીને પેન્ટના પાછલા ખિસ્સામાંથી નિવૃત સરકારી અધિકારી જેવું ચુંથાયેલું ,ચોળાયેલુ ખવાયેલું, વગોવાયેલ પર્સ કાઢ્યું . પર્સમાંથી દસ રૂપિયાની કડકડતી નોટ કાઢી. બીજા હાથમાં મેગ્નીફાઇંગ ગ્લાસ રાખી તેને આંખ નજીક રાખી બારીકાઈથી નોટનો ખૂણેખૂણો ચેક કર્યો. ક્યાંય રૂપિયો તૂટેલો જણાય છે??નોટ વળેલી પણ ન હતી કે ફાટેલી પણ ન હતી. નોટને પાછી પર્સમાં મુકી. પર્સમાં પરચૂરણની ચેનવાળા ખાનામાંથી પાંચ રૂપિયાને સિક્કો કાઢ્યો. તેનું પણ બારીકાઈથી તલસ્પર્શી નિરીક્ષણ કર્યું. સિક્કો ઘસાયેલો હતો. સિક્કાની ચમક ઓછી થયેલ. પરંતુ-અપિતું-કિન્તુ સિક્કો કયાંયથી તૂટેલો જણાતો હતો.

આ છાપાવાળા મનઘડંત સમાચારો છાપી કાઢે છે તે પણ મોટા હેડીંગમાં." રૂપિયો વધુ તૂટ્યો!!"રાજુ રદી વધુ ખાતરી કરવા ત્યાંથી રિઝર્વ બેંકે પહોંચ્યો!!!

રિઝર્વ બેંકમાં જાસૂસ કરમચંદ કે વ્યોમેશ બેનરજીની જેમ ચારે બાજુ પોઝીશન સઈ દૂરબીનથી સાવચેતી અને સતર્કતાથી અપલક નજરે ચાંપતી નજરે જોઇ રહ્યા હતા. કેટલાક લોકો કોમ્પ્યુટર સ્ક્રીન પર આયાત-નિકાસની વેબસાઈટ પર વોચ કરી રહ્યા હતા. બધા હડબડાહટમાં હતા. બોદા અને બોઘા દેખાતા હતા.

બધાની ચિંતા ડોલર સામે પતાના મહેલની જેમ કડડભૂસ થતા રૂપિયા અંગે હતી. કાજુ રદીને થયું કે રિઝર્વ બેંક રૂપિયો બનાવવામાં અંબુજા સિમેન્ટ વાપરે તો રૂપિયો પીજાના ઢળતા મિનારા જેમ તૂટે ફૂટે નહીં.!!!

અમેરિકન ડોલર સામે રૂપિયો ગગડીને ઐતિહાસિક ૮૦ રૂપિયાની નીચી સપાટીએ પહોંચી ગયો. એટલે બધા ધંધે લાગી ગયા. રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ પણ ઝડપી ૧૦૪ પૈસા ઉછળી રૂ.૯૫ની સપાટી વટાવી ગયા હતા. બ્રિટીશ પાઉન્ડના ભાવ ઉંચામાં રૂ.૯૫.૬૫ થઈ ૯૫.૫૭ રહ્યા હતા. યુરોપની કરન્સી યુરોના ભાવ ૯૧ પૈસા ઉછળી ઉંચામાં ભાવ રૂ.૮૧.૧૫ થઈ રૂ.૧.૧૩ રહ્યા હતા. જાપાનની કરન્સી યેનના ભાવ પણ રૂપિયા સામે ૦.૫૨ ટકા ઉછળ્યા હતા જ્યારે ચીનની કરન્સીના ભાવ રૂપિયા સામે ૦.૪૨ ટકા પ્લસમાં ટ્રેડ થઈ રહ્યા હતા. ૨૦૧૧માં એક ડોલર બરાબર ૪૮ રૂપિયા હતા,જે એક વરસમાં નવમા વધારા સાથે ૫૭ રૂપિયા થયેલ .૨૦૧૩મા્ ૬૨, ૨૦૧૪માં ૬૦ અને ઉતરોતર વધીને આજે ૮૦ ની ઐતિહાસિક સપાટીએ પહોંચેલ છે!! ૨૦૧૪ થી આઠ વરસમાં ૨૬ % ઘટયો છે.ચાલુ વર્ષે રૂપિયામાં ૬.૭ ટકા જેટલો ઘસારો જોવા મળ્યો છે.

વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ફરી ઉંચકાતાં તથા ઘરઆંગણે વિદેશી ફંડોનો આઉટફ્લો વધતાં રૂપિયા પર દબાણ વધ્યું હતું. વિદેશી ફંડમાં વેચવાલી નીકળી હોવાથી રૂપિયો ઐતિહાસિક સપાટીએ ગગડયો હતો. ડોલરના ભાવ ઉછળતાં ઘરઆંગણે આયાત થતી ક્રૂડતેલ સહિતની વિવિધ ચીજો મોંઘી બનશે અને ફુગાવો તથા મોંઘવારી વધુ વેગ પકડશે એવી ભીતિ નિષ્ણાતોએ વ્યક્ત કરી હતી. ડોલર વધી રૂ.૮૦ને આંબી જતાં હવે રિઝર્વ બેક્ર તથા સહકારી બેક્રો ઉછાળે ડોલર વેંચવા નીકળશે એવી શક્યતા પણ બજારમાં વ્યક્ત થઈ હતી. તાજેતરમાં ડોલરના ભાવ ઉંચા ગયા હતા ત્યારે રિઝર્વ બેક્ર તથા સરકારી બેક્રો એક્ટિવ જોવા મળી હતી.

ડોલર સામે રૂપિયાની આ ઐતિહાસિક ગિરાવટ માટે તેમણે ગ્લોબલ ફેક્ટર્સ

જવાબદાર છે. જેમાં યુક્રેન-રશિયા યુદ્ધ ઉપરાંત ક્રૂડના વૈશ્વિક ભાવમાં વધારો, વૈશ્વિક અર્થતંત્રમાં આવેલી સુસ્તી વિદેશી ફંડમાં નીકળેલી વેચવાલીને મુખ્ય કારણો ગણાવ્યા હતા. અમેરિકાની આકરી નીતિના કારણે રોકાણકારો ઉભરતા માર્કેટમાંથી રોકાણ પાછું ખેંચી રહ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં ભારતના સ્ટોક માર્કેટમાંથી ૧૪ અબજ ડોલરનું રોકાણ પાછું ખેંચાઈ ચૂક્યું છે.

વિદેશી મુદ્રા ભંડાર કુલ જીડીપીમા ૨૦ ટકા છે.એટલે કે ૫૯૩ અબજ ડોલર છે.જો ટકા ઘટીને ૪૫૦ અબજ ડોલર થાય તો ધરતીકંપ જેવી પરિસ્થિતિ થશે તેવી આશંકા છે. જો કે, ડોલર સામે રૂપિયાના ઘટાડાની વકી સામે રૂપિયો ઓછો ઘસાયો છે તેવું નિષ્ણાંતો ગાઇ વગાડીને કહી રહ્યા છે!!! ૨૦૧૮થી ભારતીય બજારમાંથી દર માસે એક અબજ ડોલર નીકળી રહ્યા છે. જાન્યુઆરીથી પાંચ અબજ નીકળી રહ્યા છે!!આ બધી ટેકનિકલ નિકલ જેવી બાબતો રાજુ રદીને પલે પડી નહીં.રાજુ રદીને ભવિષ્યમાં એક ડોલરનો વિનિમય દર ૧૦૦ રૂપિયા કે વધુ થશે કેવી અફડાતફડી - તડાફડી થશે તેની કલ્પના કરીને ફફડી જાય છે!!!

ભરત વૈષ્ણવ

# ગુજરાતના બાવળા સ્થિત ઇરેડિયેશન પ્લાન્ટને અમેરિકાના કૃષિ વિભાગ અને પ્લાન્ટ હેલ્થ ઇન્સ્પેક્શન સર્વિસ (USDA-APHIS) દ્વારા મંજૂરી મળી

**આ પ્લાન્ટ ગુજરાત સરકારના નિગમ ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. દ્વારા સ્થાપિત કરવામા આવ્યો છે**

**કેરી અને દાડમની નિકાસ માટે USDA-APHIS દ્વારા માન્યતા પ્રાપ્ત ગુજરાતનો પ્રથમ અને દેશનો ચોથો પ્લાન્ટ**

**ગુજરાતમાંથી કેરીના નિકાસને બળ મળશે, આ સુવિધામાં ૬ ટન/કલાકની ક્ષમતાથી કેરીને ઇરેડિયેટ કરી શકાય છે**

૨૦ જુલાઈ, ૨૦૨૨ ગાંધીનગરઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને નેતૃત્વમાં વધુ એક સફળતા રાજ્યને મળી છે. બાવળા સ્થિત ગુજરાત એગ્રો રેડિએશન પ્રોસેસિંગ સુવિધાને (GARPF) યુએસડીએ-એપીએચઆઈએસ (USDA-APHIS)ની મંજૂરી મળી ગઈ છે. હવે ગુજરાતની કેરીની અમેરિકામાં નિકાસ કરવાને વેગ મળશે.

USDA-APHIS એ નેશનલ પ્લાન્ટ પ્રોટેક્શન ઓર્ગેનાઈઝેશન (NPPO)ની ટીમ સાથે મળીને GARPFનું ઓડિટ કર્યું હતું. ઓડિટ બાદ તા. ૨/૭/૨૦૨૨ના બાવળા સ્થિત પ્લાન્ટને મંજૂરી આપવામા આવી હતી. કેરી અને દાડમના નિકાસ માટે SDA-APHISની મંજૂરી મેળવનાર આ ગુજરાતનો આ પ્રથમ પ્લાન્ટ છે.

નિર્ધારિત ધોરણો મુજબ, કેરીને યુએસએમાં નિકાસ કરતા પહેલા તેનું ઈરેડિયેશન ફરજિયાત છે. ઈરેડિયેશન પ્રક્રિયા યુએસના ક્વોરેન્ટીન નિરીક્ષકોની દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવે છે. આ મંજુરી બાદ ગુજરાતમાંથી સીધી કેરીની નિકાસ કરવામાં આવશે.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ એ રાજ્ય સરકારનું સાહસ છે જેમાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ ૨૦૧૪માં અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે કૃષિ અને પ્રોસેસ્ડ ખાદ્ય ઉત્પાદનો માટે ૧,૦૦૦ કિલો-ક્યુરી મલ્ટીપર્પઝ સ્પ્લિટ ટાઇપ, પેલેટાઇઝ્ડ રેડિયેશન પ્રોસેસિંગ સુવિધા સ્થાપિત કરવામાં આવી છે. તેમાં આશરે રૂ. ૨૦ કરોડનું મૂડી રોકાણ કરવામા આવ્યું છે. ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર અને બોર્ડ ઓફ રેડિએશન અને આઈસોટોપ ટેક્નોલોજીના ટેક્નિકલ માર્ગદર્શન અને સહાયથી આ સુવિધા વિકસિત કરવામા આવી છે.

ભારતમાં આ એકમાત્ર સુવિધા છે જે ડુંગળી, બટેટા, અનાજ, કઠોળ, ઈસબગોલ, મસાલા, સૂકી ડુંગળી/સૂકા શાકભાજી અને તબીબી ઉત્પાદનોને ઓછા, મધ્યમ અને ઉચ્ચ માત્રાના ડોઝમાં જરૂરિયાત અનુસાર ઈરેડિયેટ કરી શકે છે.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી ડી.કે. પારેખ (IAS) ઓડિટ દરમિયાન હાજર હતા. તેમણે ઓડિટ ટીમને આ પ્લાન્ટના મહત્વ વિશે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું કે, ભારત સરકારે ક્લસ્ટર ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ કચ્છને મેંગો ક્લસ્ટર તરીકે જાહેર કર્યું છે. તેથી આ સુવિધાના લીધે ગુજરાતમાંથી કેરીની નિકાસને આવનારા સમયમાં મોટાપાયે ફાયદો થશે.ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. એ કેરીની નિકાસ માટે જરૂરી ત્રણ માળખાકીય સુવિધાઓની સ્થાપના એક જ જિલ્લામાં કરી છે. તેમાં ઈન્ટીગ્રેટેડ પેક હાઉસ, ગામા રેડિયેશન સુવિધા અને પેરિશેબલ એર કાર્ગો કોમ્પ્લેક્સનો સમાવેશ થાય છે. USDA-APHIS મંજૂરી પછી, ઈરેડિયેશન સુવિધાના લીધે કેરીની ગુણવત્તાને વધુ સારી રીતે નિર્ધારિત કરી શકાશે અને પરિવહન તેમજ બગાડના લીધે થતો ખર્ચો અટકાવી શકાશે.

GARPFની વિગતોઃ-

- કુલ વિસ્તાર ૬,૭૫૦ ચો. મીટર અને બાંધકામ વિસ્તાર ચો. ૨,૩૬૮ ચો. મીટર છે, કેરીને ઈરેડિયેટ કરવાની ક્ષમતાઃ @ 6 MT/ કલાક.
- આ સુવિધામાં ૩૦ ટન અને ૫૦ ટનના બે કોલ્ડ સ્ટોરેજ છે. તેમાં રોલર બેડ કન્વેયર અને સામગ્રીના સિંગલ પોઈન્ટ લોડિંગ/અનલોડિંગ સાથે ઓટોમેટેડ મટિરિયલ હેન્ડલિંગ સિસ્ટમ છે. કન્વેયર ઝડપ- મહત્તમ ૮૦ બોક્સ/કલાક.
- આ સુવિધા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૮ પર વ્યૂહાત્મક સ્થાન પર સ્થાપિત કરવામાં આવી છે. અહીથી ઈન્ટીગ્રેટેડ પેક હાઉસ, નરોડાનું અંતર ૬૦ કિમી , પેરિશેબલ કાર્ગો કોમ્પ્લેક્સ અમદાવાદ એરપોર્ટનું અંતર ૫૦ કિમી , પીપાવાવ પોર્ટ ૨૬૫ કિમી , કંડલા પોર્ટ ૨૯૨ કિમી, મુન્દ્રા પોર્ટ ૩૩૫ કિમી અને મુંબઈનું ૫૫૫ કિમી છે.
- આ સુવિધાને એટોમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ અને નેશનલ પ્લાન્ટ પ્રોટેક્શન ઓર્ગેનાઈઝેશન (NPPO) દ્વારા મંજૂર કરવામાં આવી છે અને તેની પાસે છ અને ૪ વર્ગના તબીબી ઉત્પાદનોના વિતરણ માટે FSSAI અને FDAનું લાઈસન્સ છે. તે ISO ૯૦૦૧:૨૦૧૫, ISO ૨૨૦૦૦:૨૦૧૮ અને ISO ૧૩૪૮૫:૨૦૧૬ પ્રમાણિત સુવિધા છે.
- આગામી સમયમાં દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (DMIC) વિકસિત થતા આ સુવિધાનો ઉપયોગ ઉત્તરના અંતરિયાળ વિસ્તારોના ઉત્પાદનોનું રેડિયેશન અને પ્રોસેસિંગ કરી ગુજરાતમાંથી નિકાસ કરી શકાશે.

એક અંદાજ પ્રમાણે ૨૦૧૯-૨૦માં મહારાષ્ટ્રે આશરે ૯૮૦ ટન ઈરેડિયેટેડ કેરી યુએસએમાં નિકાસ કરી હતી. તેમાંથી ૫૦ થી ૬૦% કેરી ગુજરાતની હતી કારણ કે રાજ્યમાં USDA-APHIS માન્ય ઈરેડિયેશન પ્લાન્ટની ઉપલબ્ધતા ન હતી.

# વીરપુરમાં અપના હાથ જય જગન્નાથ, તૂટેલા રોડના રીપેરીંગનો ખર્ચ લોકોએ ઉઠાવ્યો

વીરપુર,

કાઠીયાવાડમાં એક કહેવત પ્રચલિત છે કે પારકી આશા સદા નિરાશ. પારકી આશાએ બેસી રહેનાર લોકોને નિરાશા સિવાય કશું જ હાથ લાગતું નથી તે વાત વીરપુર (જલારામ) નાં લોકો સારી રીતે સમજી ચુક્યા છે. તૂટેલા રોડ નવા ક્યારે બનશે તેની રાહ જોવાની ધીરજ હવે ખૂટી ગઈ છે ત્યારે પારકી આશાએ બેસી રહેવાને બદલે જાતે રોડના રીપેરીંગ માટે કામનો પ્રારંભ કરી દીધો છે.સૌરાષ્ટ્રના વિખ્યાત સંત જલારામ બાપા ના ધામમાં લાખો શ્રધ્ધાળુઓ આવતા હોય છે. પરંતુ આ વિખ્યાત યાત્રા ધામ પર પ્રવાસીઓ આવે તો તેને બસસ્ટેશનથી મંદીર તરફ જતો રોડ મગરની પીઠ જેવો બની ગયો છે. વરસાદને કારણે નબળી ગુણવત્તાનો આ રોડ મસમોટા ખાડાથી સ્થાનિક તંત્રનું નાક કાપી રહ્યો હતો સાથે જ આ ખાડાથી ભરપૂર રોડ સ્થાનિકો અને પ્રવાસીઓ માટે મુશ્કેલીનો માર્ગ પણ બની ગયો છે.ખાસ કરીને આ જ રોડ પર યાત્રાળુઓ માટે પૂજ્ય જલારામ બાપાની મંદિર,તેમજ ભોજનશાળા રાત્રી રોકાણ માટેનું અતિથિગૃહ તેમજ ધર્મશાળા પણ આજ રોડ પર આવેલ છે,ચોમાસાના વરસાદને લઈને કેટલાક વાહન ચાલકો ફસાયા છે તો કેટલાક બાઈક ચાલકોની બાઈકો સ્લીપ થવાથી નાની મોટી ઈજાઓ પણ પહોંચી છે જેમને લઈને વિરપુર આવતા યાત્રાળુઓ અને સ્થાનિક લોકોએ આ રોડ તંત્ર દ્વારા સત્વરે નવો બનાવવાની માંગ કરી રહ્યા હતા વળી બહારથી આવતા પ્રવાસીઓ બસસ્ટેશનથી ગામમાં પ્રવેશ કરે ત્યારે સીધા જ ખાડાના સામ્રાજ્યમાં આવી ગયા હોય તેવી અનુભુતી કરાવે છે જેથી પ્રવાસીઓ પણ તંત્રની ખરાબ છબી સાથે લઈને જાય છે.પરંતુ ગ્રામ પંચાયત સહિત કચેરીઓ બે ધ્યાન હોઈ આ રોડને મરામત કરાવવામાં આળસ આવી રહી હોઈ જેથી અહીંના સ્થાનિક લોકોએ અપના હાથ જય જગન્નાથ,નાં સુત્રને સાર્થક કરતા રોડનું મરામત કરવાનું ચાલુ કર્યું હતું

જલારામ મંદિરના મુખ્ય રોડ ધમધમે છે તે તૂટેલો બિસ્માર હાલતમાં પડ્યો છે. રોડ છેલ્લા પાંચ વર્ષથી થયો જ નથી તૂટેલા બિસ્માર રસ્તાથી સ્થાનિક લોકો પહેલેથી જ પરેશાન હતા તો વળી છેલ્લા દિવસોમાં પડેલા ભારે વરસાદે હતો તે રોડ પણ ધોઈ નાખ્યો છે જેથી હવે આ રોડ પરથી વાહન લઈને નીકળી સકાય તેવી સ્થિતિ પણ રહી ના હોવાથી નિયમિત હજારો દર્શનાર્થીઓ તેમજ સ્થાનિક લોકોને ભયંકર હાલાકી ભોગવવી પડતી હોવાથી તંત્ર રોડ રીપેર કરશે તેવી પારકી આશા મુકીને સ્થાનિક લોકો પોતે રકમ એકત્ર કરીને રોડની મરમ્મત કરાવી રહ્યા છે. રોડમાં ગાબડા પડેલા છે તેમાં માટી, કપચી ભરીને રોડ પરથી વાહનો ચલાવી સકાય તેવો બનાવી રહયા છે.

હરેશ ભાલીયા જેતપુર

# જેતપુરના વોર્ડ-૧ નાં જલારામ નગર-૩ માં આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ પાયાની સુવિધાઓ જ નથી?

જેતપુર,

જેતપુરમાં આજે જેતપુર-નવાગઢ નગરપાલિકાની હદમાં આવતા વોર્ડ નંબર-૧ ના જલારામ નગર ૩ નાં વિસ્તારના લોકો દ્વારા પાલિકા દ્વારા વર્ષોથી પ્રાથમીક સુવિધાઓ ન અપાતા હલ્લાબોલ કર્યો હતો.

ચોમાસામાં એમ્બ્યુલન્સ પણ નથી આવી શકતી આ વિસ્તારોમાં જેતપુર શહેરની નગરપાલિકા એ ગ્રેડની ગણવામાં આવે છે પરંતુ આજે પણ છેવાડાના વિસ્તારમાં પાયાની સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. વેરો ઉઘરાવવામાં માહેર પાલિકા પ્રાથમિક સુવિધા આપવામાં ઉણી ઉતરી છે ત્યારે અહીં પારાવાર દુવિધા ભોગવતા લોકોએ રસ્તા, પાણી, સ્ટ્રીટલાઈટ સહિતની સુવિધા આપવા માગણી કરી છે.

જેતપુર પાલિકાની હદ હેઠળ આવતા ધોરાજી રોડ પર આવેલા જલારામનગર,૩ ના રહેવાસીઓ દ્વારા આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો ચોમાસુ હોવાથી પાણી ભરાવાની સમસ્યા છેલ્લા ૫ વર્ષથી સર્જાતી હોવા છતાં એક પણ પ્રકારના રોડની કામગીરી અહીં કરવામાં નથી આવી તેમજ આ વિસ્તારમાં પાયાની સુવિધાઓ જેમ કે પાક રસ્તા, સ્ટ્રીટ લાઈટ, ગંદા પાણીના નિકાલ માટે ગટર વ્યવસ્થા નથી તેમજ ડોર ટુ ડોર કચરો લેવાની કામગીરી પણ આ વિસ્તારોમાં કરવામાં આવતી ન હોવાનું પણ જણાવવામાં આવ્યું હતું.

આશ્ચર્યની વાત એ છે કે આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ આ ઉપરોક્ત વિસ્તારોમાં વિકાસના કર્યો થયા જ કેમ નથી. શું પાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કઈ નક્કર આયોજન કરવામાં નથી આવ્યું? આવા અનેક સવાલો થતા જોવા મળતા હોય છે.જો કે વોર્ડ નંબર-૧ નાં જલારામ નગર ૩ નાં રહેવાસીઓ દ્વારા અગાઉ પણ પાયાની સુવિધાઓ આપવા માટે આવેદનો પાઠવવામાં આવ્યા હતા. પણ સ્થિતિ ×જે સે થે× મુજબની જોવા મળે છે. આ વિસ્તારોના લોકો દ્વારા જણાવ્યું હતું કે જો તેમની માંગો પાલિકા તંત્ર દ્વારા પુરી પાડવામાં નહિ આવે તો આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી.

હરેશ ભાલીયા જેતપુર

# "સ્વાધિનતા સંગ્રામના ૭૫ શુરવીરો"નું ભાવનગરમાં વિમોચન

ભાવનગર

હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન અને નૈતિક અને સાંસ્કૃતિક તાલીમ સંસ્થાન ગુજરાત દ્વારા પ્રકાશિત 'સ્વાધીનતા સંગ્રામનાં ૭૫ શૂરવીરો' પુસ્તકનું વિમોચન ૯ જુલાઈનાં રોજ કર્ણાવતીમા આઝાદી ના અમૃત મહોત્સવ નિમિત્તે થયેલ.તેનો બીજો તબક્કો

ભાવનગરમાં નંદકુંરબા મહિલા કોલેજ ખાતે ભાવનગર વિભાગનો પુસ્તક વિમોચન કાર્યક્રમ આગામી ૨૩ જુલાઈ, શનિવારનાં રોજ સાંજે ૪.૩૦ વાગ્યે યોજાનાર છે. જેમા પ.પૂ.શ્રી કે.પી.સ્વામીજીના અધ્યક્ષ સ્થાને તથા કાર્યક્રમનાં મુખ્ય વક્તા તરીકે ભાવનગરનાં પૂર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહજી રાણા ઉપસ્થિત રહેશે.તથા અતિથિ વિશેષ તરીકે મહારાજા કૃષ્ણકુમારસિંહજી વિશ્વ વિદ્યાલયનાં કુલપતિ શ્રી ડૉ.એમ.એમ.ત્રિવેદી તથા અગ્રણી ઉદ્યોગપતિ શ્રી નિશીથભાઈ મહેતા ઉપસ્થિત રહેનાર છે. ભાવનગર,અમરેલી અને બોટાદ જિલ્લાને સમાવતા વિભાગ સ્તરનાં આ પુસ્તક વિમોચન કાર્યક્રમની વિગતે રૂપરેખા ડો.હરેશ રાજ્યગુરુએ આપી છે.કાયૅક્રમ સ્થળે આ પુસ્તક નિઃશુલ્ક વિતરણ થશે. જેમાં આઝાદીના ૭૫ યોધ્ધાઓના જીવનની ઝાંખી કરાવવામાં આવી છે શૂરવીરોનાં પ્રયત્નોને તથા સ્વાધીનતા સંગ્રામનાં સાચા ઈતિહાસને જન માનસ સુધી પહોંચાડવાનો પ્રયત્ન સરાહનીય છે.

# સુધાબહેનનો આત્મવિશ્વાસ ભર્યોસંકલ્પ– આજીવન બની રહીશ આત્મનિર્ભર

**૧૦સખી મંડળની બહેનો સાથે મળીને કરેછે હસ્તકારીગરીનું કામ.**

**આત્મનિર્ભર સુધાબહેન સમાજની મહિલાઓને સખી મંડળ જેવાં જૂથોમાં જોડાઈને ભારતને આત્મનિર્ભરબનાવવા માટે સંકલ્પબદ્ધ થવા પ્રેરણા પૂરી પાડે છે**




અમદાવાદ,

નિવૃત્તિ માટેનો માપદંડ ઉંમર ન હોઈ શકે, એનું એક ઉમદા ઉદાહરણ એટલે વિરમગામ નજીકના ઓગણ ગામનાં સુધાબહેન સોલંકી. આજે ૬૮ વર્ષની જૈફ વયે પણ સુધાબહેન સખીમંડળોમાં સક્રિય છે અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સૂત્ર 'સૌનો સાથ સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ'ને સાકાર કરી રહ્યાં છે. આજીવન આત્મનિર્ભર બની રહેવાનો સંકલ્પ ધરાવતાં સુધાબહેનનો આત્મવિશ્વાસ અન્ય બહેનોમાં પણ પ્રેરણા અને જુસ્સાનો સ્રોત બન્યો છે. ઉંમરના આ તબક્કે કામ કરવાનો તેમનો જુસ્સો સખી મંડળની બહેનોમાં નવા જોમ પૂરે છે. વડાપ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્ન તથા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના 'આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત' માટેના પ્રયાસોમાં તેઓ પણ પોતાનું આગવું યોગદાન આપી રહ્યાં છે.

સુધાબહેન પહેલાં આંગણવાડીમાં નોકરી કરતાં હતાં. આંગણવાડીની કામગીરી દરમિયાન તેમની આસપાસનાં ગામડાંઓની મહિલાઓ સાથે સંબંધો મજબૂત બન્યા અને એ સંબંધો તેમણે જાળવી રાખ્યાં. આ સંબંધો અને પરસ્પરના વિશ્વાસને કારણે જ આજે તેમના નેતૃત્વમાં સેંકડો ગ્રામીણ મહિલાઓ સખી મંડળ પ્રવૃત્તિ સાથે જોડાઈ છે અને પોતે તો આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધી રહી છે, સાથે સાથે પોતાના પરિવાર અને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન પણ આપી રહી છે. સુધાબહેન વિરમગામ પંથકનાં ગામડાંઓમાં સખી મંડળો સ્થાપવા અને તેને સુચારી રીતે કાર્યરત રાખવા સતત પ્રયાસરત છે.

સુધાબહેન મહિલાઓને દરેકની આવડત, કૌશલ્ય અને રસ-રુચિ અનુસાર અલગ અલગ હાથ કારીગરીનાં કામ અપાવે છે. સુધાબહેન સખી મંડળની બહેનો સાથે મળીને ભરતકામ, સીવણકામ, સિલાઈકામ કરીને સાડી, તોરણ, ગોદડી, પાથરણાં, ડ્રેસ જેવી ચીજવસ્તુઓનું નિર્માણ કરે છે. સરકાર દ્વારા આયોજિત સખી મેળા જેવાં આયોજનો થકી તેઓ મહિલાઓને સાથે રાખીને પોતે બનાવેલી ચીજવસ્તુઓનું વેચાણ કરે છે અને એ રીતે કમાણી કરે છે.

આ સખી મંડળોને વિવિધ જાતનાં સિલાઈકામ, ભરતકામ, ગૂંથણકામ જેવાં હસ્ત કારીગરીનાં કામ મળતાં હોય છે. બહારના ઓર્ડરને પૂરા કરવા માટે કાચો માલ ખરીદવા કે કોઈ સાધન વસાવવા માટે જ્યારે નાણાંની જરૂરિયાત ઊભી થાય ત્યારે સખી મંડળ થકી નાની લોન સહાય પણ કરવામાં આવે છે. 'ટીમ સ્પિરિટ'ની ભાવના સાથે સખી મંડળની બહેનો એકબીજાને આત્મનિર્ભર બનવા માટે પરસ્પર મદદ કરતી હોય છે. મહિલા જ મહિલાના વિકાસ માટે સક્રિય હોય, તેવા અનેક દાખલા સખી મંડળો થકી ગુજરાતભરમાં જોવા મળી રહ્યા છે.આત્મવિશ્વાસથી સભર સુધાબહેન આજીવન આત્મનિર્ભર બની રહેવા માગે છે. ફક્ત એક વીઘો જમીન અને બીજી કોઈ પણ પ્રકારની મૂડી કે સંપત્તિ વગર પણ તેઓ પોતાની જાતમહેનતથી સ્વાવલંબી જીવન જીવી રહ્યાં છે. ઘરમાં તેઓ કોઈની પણ ઉપર આધારિત નથી. સુધાબહેન પોતે આત્મનિર્ભર અને આત્મસજ્જ હોવાનો આનંદ વ્યક્ત કરે છે. સુધાબહેન ખરા અર્થમાં અન્ય મહિલાઓ અને ખાસ કરીને જૈફવયની મહિલાઓ માટે પણ ઉદાહરણરૂપ છે.તાજેતરમાં અમદાવાદમાં યોજાયેલા સખી મેળામાં સુધાબહેન પોતાના સખી મંડળ 'ઓમ શિવ મિશન મંગલમ જૂથ' સાથે સામેલ થયાં હતાં. આ સખી મેળામાં તેમણે વિરમગામ તાલુકાનાં અલગ અલગ ગામોની મહિલાઓની આગેવાની કરી.

# ધોરાજીના એકમાત્ર સ્મશાનમાં ઈલે ભઠ્ઠી બંધ દિવંગતોનાં સંબંધીઓને હેરાનગતિ,

**ચોમાસાના કારણે લાકડામાં ભેજ રહેતા અંતિમક્રિયા માટે વેઇટિંગ રહે છે.**

ધોરાજી,

ધોરાજી શહેરના મુખ્ય સ્મશાનગૃહમાં અંતિમક્રિયા માટે આવતા લોકો અસુવિધાઓને કારણે હેરાન - પરેશાન થતા હોવાનું જાણવા મળે છે. નગરપાલીકાના તંત્રવાહકો આ અંગે જાત તપાસ કરીને યોગ્ય આયોજન વહેલીતકે કરાવે તેવી લાગણી અને માંગણી છે.

ધોરાજી નગરપાલિકા સામે અણઆવડતની આંગળી ચિંધાઈ રહી છે. ધોરાજી નગરપાલિકા વિસ્તારના કૈલાશ મોક્ષધામમાં છેલ્લા પંદર દિવસથી ઈલેક્ટ્રીક ભઠ્ઠી બંધ હોવાથી મૃતદેહનો અંગ્નિ સંસ્કાર માટે વરસાદી વાતાવરણના કારણે વાર લાગી રહી છે જેથી મૃતદેહનો મલાજો જાળવવામાં મુશ્કેલી પડી રહી છે.

ધોરાજી શહેરના એક માત્ર કુંભારવાડામાં આવેલ હિન્દુ કૈલાશ મોક્ષ ધામમાં વિશાળ જગ્યામાં આવેલા બગીચા તથા આ સ્થળે નાના મોટા ફુલ-ઝાડ વિગેરે આવેલા છે. પરતું સ્મશાનમાં ઈલેક્ટ્રીક સગડી બંધ છે.જેથી અગ્નિસંસ્કારમાં પણ ભારે કનડગડતા પડી રહી છે ચોમાસામાં મૃત્યુના બનાવ બનતા દિવસભર આ સ્મશાનમાં ઈલેક્ટ્રીક ભઠ્ઠી બંધ હોવાને કારણે અગ્નિસંસ્કાર માટે વેઈટિંગમાં બેસી રહેવા અને ખૂબ જ ગંભીર પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો.નગરપાલિકા તંત્ર દ્વારા આ કામ વામણો પુરવાર થઈ રહ્યું હોય એવું શહેરના લોકો અને સમજદાર વર્ગમાં ટીકા થઈ રહી છે.આ પ્રશ્ને નગરપાલિકા ગંભીરતા લઈ ઉકેલ લાવવા ઈલેક્ટ્રીક મશીન રીપેર કરવા માટે છેક અમદાવાદથી કારીગરો બોલાવવા પડે તેના બદલે સ્થાનિક ઈલેક્ટ્રોનિક જાણકારો આ કામગીરી કરવા માટે રાખવા જોઈએ તેવી લોકોની માંગ ઉઠવા પામી છે.

બીજી તરફ ધોરાજી નગરપાલિકા નાં ચીફ ઓફિસર ચારુબેન મોરીનાં જણાવ્યા મુજબ સ્મશાનની ઈલેક્ટ્રિક ભઠ્ઠીનાં રીપેરીંગ કામ માટે માલસામાન એકાદ દિવસમાં આવી જસે જેથી વ્હેલી તકે સ્મશાનની ભઠ્ઠી નું કામ ચાલુ કરવામાં આવશે હાલ ચોમાસાના કારણે રીપેરીંગ નો સામાન મોડો આવતા એકાદ અઠવાડિયામાં જે ઈલેક્ટ્રીક ભઠ્ઠી બંધ છે તેને શરૂ કરવામાં આવશે તેમજ જો કોઈ મૃતદેહ સ્મશાનમાં આવે છે તો સૂકા લાકડાનો પૂરતો બંદોબસ્ત હોય લોકોને તકલીફ ના પડે તેનું ધ્યાન રાખવામાં આવેલ છે.

હરેશ ભાલીયા જેતપુર

# પ્રાણીઓના એકસપોર્ટમાં અનિયમિતતા દૂર થાય અને ગેરકાયદે થતા એકસપોર્ટને રોકવા પંકજભાઈ બુચ દ્વારા ગુજરાત રાજ્યના પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલને રજૂઆત

**ધી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડઝ (લાયસન્સીંગ એન્ડ રજીસ્ટ્રેશન) રેગ્યુલેશન્સ-૨૦૧૧ ના રેગ્યુલેશન-૩.૪ મુજબ ૧૨ કલાકથી વધુ મુસાફરી હોય ત્યારે પ્રાણીઓના ટ્રાંસપોર્ટેશન ફકત રેલ્વેથી કરવાની જોગવાઈ કરવામાં આવી છે**

અમદાવાદ,

ગુજરાતમાંથી અન્ય રાજયોમાં દૂધાળા પ્રાણીની નિકાસ કરવા પર સરકારે તા. ૨૨-૧૦-૨૦૧૩ના રોજ પ્રતિબંધ મૂકયો છે. આ પ્રતિબંધ અમલમાં હોવા છતાં રાજય સરકાર ખાસ પ્રાણીના એક્સપોર્ટ માટે મંજૂરી આપે છે અને ત્યારબાદ મામલતદાર એકસપોર્ટ માટેની પરમીટ કાઢી આપે છે.

મામલતદાર તરફથી આપવામાં આવતી પરમીટનું ચોકકસ ફોરમેટ સરકારે પ્રસિધ્ધ કરેલ નથી. પરિણામે મામલતદારો તરફથી અલગ અલગ રીતે લખાણ કરીને પરમીટો આપવામાં આવે છે અને તેમાં મહત્વની જોગવાઈઓ જણાવવામાં આવતી નથી. ઉપરાંત મામલતદાર સિવાયના અધિકારીઓ પણ પરમીટ કાઢી આપે છે, તેના પર કોઈ નિયંત્રણ નથી. આ વાત ધ્યાન પર આવતા અહિંસા મહાસંઘ સંસ્થાના પંકજભાઈ બુચ દ્વારા ગુજરાત રાજય પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે, અન્ય રાજ્યોમાં લઈ જવાતા પ્રાણીઓ માટેની પરમીટનું કોઈ ચોક્કસ ફોરમેટ નથી તેથી તેમાં એકસૂત્રતા જળવાતી નથી. તેમજ પરમિટ કયા કાયદા હેઠળ આપવામાં આવ્યું છે અને ટ્રાન્સપોર્ટ સબંધિત કયા કાયદાનું પાલન કરવાનું રહેશે તે પણ દર્શાવવામાં આવતું નથી. પરમિટ કેટલા દિવસ સુધી વેલીડ રહેશે અને કઈ શરતોનું પાલન કરવાનું રહેશે તે પણ દર્શાવવામાં આવતું નથી. આ પરમિટ મોટા ભાગે ગુજરાતીમાં લખવામાં આવે છે, બહારના રાજ્યો માટે આ પરમિટ અંગ્રેજીમાં લખવા રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે. અહિંસા મહાસંઘનાં પંકજભાઈ બુચ દ્વારા આ રજૂઆતમાં પરમિટ ઈસ્યુ કરતાં પહેલા આર.ટી.ઓ. તરફથી સેન્ટ્રલ મોટર વેહીકલ (એમેન્ડમેન્ટ) રૂલ્સ–૨૦૧૫ મુજબ આપવામાં આવતું સ્પેશ્યલ લાયસન્સ , આર.ટી.ઓ. તરફથી ગુજરાત મોટર વેહકીલ રૂલ્સ-૧૯૮૯ ના કુલ-૧૨૩ મુજબ વાહનમાં પ્રાણીને સમાવવાની કેપેસીટી દર્શાવતું સર્ટિફિકેટ , ટ્રાંસપોર્ટ ઓફ એનીમલ્સ રૂલ્સ-૧૯૭૮ ની જોગવાઈઓ મુજબ કોમ્પીટન્ટ અધિકારી તરફથી પ્રાણીના મેડીકલ ફીટનેસ માટે અપાતા શીડયુલ મુજબના સર્ટિફિકેટ. (ગૌવંશ તથા ભેંસવર્ગ માટે શીડયુલ–એચ, ઘેટાં-બકરાં માટે શીડયુલ-જે મુજબનું સર્ટિફિકેટ), ટ્રાંસપોર્ટ ઓફ એનીમલ્સ (એમેન્ડમેન્ટ) રૂલ્સ–૨૦૦૧ ના કુલ-૯૬ મુજબ તાલુકાના સરકારી વેટરનરી ડોકટરનું ટ્રાંસપોર્ટના તમામ નિયમોનું પાલન થવા સબંધી સર્ટિફિકેટ, ધી ગુજરાત એનીમલ પ્રીઝર્વેશન (એમેન્ડમેન્ટ) એકટ–૨૦૧૧ અન્વયે ગૌવંશ પ્રાણીના ટ્રાંસપોર્ટેશન માટે કોમ્પીટન્ટ અધિકારી તરફથી આપવામાં આવેલ વેલીડ પરમીત જેવા દસ્તાવેજોની ચકાસણી કરવા વિનંતી કરાઈ છે. ધી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડઝ (લાયસન્સીંગ એન્ડ રજીસ્ટ્રેશન) રેગ્યુલેશન્સ-૨૦૧૧ ના રેગ્યુલેશન-૩.૪ મુજબ ૧૨ કલાકથી વધુ મુસાફરી હોય ત્યારે પ્રાણીઓના ટ્રાંસપોર્ટેશન ફકત રેલ્વેથી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. તેથી અન્ય રાજયોમાં એકસપોર્ટની પરમીટ વાહનને બદલે ફકત રેલ્વે મારફતે ઈસ્યુ કરવા સરકાર કક્ષાએ નિર્ણય લેવાય તે જોવા વિનંતી કરાઇ છે.

પ્રાણીઓના એકસપોર્ટમાં કાનૂની જોગવાઈઓનું પાલન થાય તથા અનિયમિતતા દૂર થાય અને ગેરકાયદે થતા એકસપોર્ટને રોકવા અહિંસા મહાસંઘનાં પંકજભાઈ બુચ દ્વારા ગુજરાત રાજ્યના પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલને રજૂઆત કરાઇ છે.

# રાજ્યના મુખ્ય ૨૦૭ જળ પરિયોજનાઓમાં ૫૬.૫૪ ટકા જળસંગ્રહઃ સરદાર સરોવરપરિયોજનામાં ૫૫.૨૬ ટકા જળસંગ્રહ

ગાંધીનગર,તા.૨૦

રાજયમાં થઈ રહેલા સારા વરસાદને પરિણામે રાજ્યની મહત્વની ૨૦૭ જળ પરિયોજનાઓમાં તા. ૨૦ જુલાઈ-૨૦૨૨ સુધીમાં ૫૬.૫૪ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં ૧,૮૪,૬૧૯ એમસીએફટી એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૫.૨૬ ટકા જેટલો જળસંગ્રહ થયો છે.

રાજ્યના જળસંપત્તિ વિભાગના ફ્લડ સેલ દ્વારા મળેલાં અહેવાલો મુજબ રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૩,૧૯,૮૩૯ એમસીએફટી એટલે કે કુલ જળસંગ્રહ શક્તિના ૫૭.૩૦ ટકા જેટલો જળસંગ્રહ થયો છે.

રાજ્યમાં ૩૦ જળાશયોમાં ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. જ્યારે ૪૩ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકાની વચ્ચે, ૨૯ જળાશયો (સરદાર સરોવર સહિત) માં ૫૦ ટકાથી ૭૦ ટકાની વચ્ચે, ૪૯ જળાશયોમાં ૨૫ ટકા થી ૫૦ ટકાની વચ્ચે, ૫૫ જળાશયોમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ થયો છે. આ જળાશયોમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયો, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો, કચ્છના ૨૦ જળાશયો અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોનો સમાવેશ થાય છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK